અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ અમાસ | અંક : ૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઉજ્જવલા યોજના અંતર્ગત જાહેરાત

## ત્રણ વર્ષમાં ૭૫ લાખથી વધુ એલપીજી કનેક્શન ફ્રી અપાશે



**ઓનલાઈન અને પેપરલેસ કોર્ટની સ્થાપના કરવાના ઉદ્દેશ્ય હેઠળ રૂ.૭૨૧૦ કરોડના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટના ત્રીજા તબક્કાને મંજૂરી અપાઈ**

। નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે ભારતમાં જી૨૦ શિખર સંમેલનની સફળતા પર આજે કહ્યું કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને જી૨૦ સમિટના સફળ સમાપન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે, ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં એક પ્રસ્તાવ પણ રજુ કર્યો છે.

તેમણે કહ્યું કે, ભારત આજે વૈશ્વિક એજન્ડા-સેટિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે, જેનો શ્રેય દેશના નેતૃત્વને જાય છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના જણાવ્યા મુજબ, પીએમ મોદીના નેતૃત્વમાં યોજાયેલ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ૨ મુખ્ય નિર્ણય લેવાયા છે, જેમાં ઉજ્જવલા યોજનાનો વિસ્તાર વધારવા આગામી ૩ વર્ષમાં ૨૦૨૬ સુધી ૭૫ લાખથી વધુ એલપીજી કનેક્શન ફ્રી અપવામાં આવશે. આ યોજના હેઠળ આગામી ત્રણ વર્ષ સુધી ગેસ કનેક્શન અપાશે, જેમાં પ્રથમ રિફિલ ફ્રી અપાશે, જેનો ખર્ચ ઑઈલ કંપનીઓ ઉઠાવે છે. અનુરાગ ઠાકુરે વધુમાં કહ્યું કે, કેબિનેટ દ્વારા બીજો મહત્વનો નિર્ણય કરાયો છે, જેમાં ઓનલાઈન અને પેપરલેસ કોર્ટની સ્થાપના કરવાના ઉદ્દેશ્ય હેઠળ આજે રૂ.૭૨૧૦ કરોડના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટના ત્રીજા તબક્કાને મંજુરી અપાઈ છે. ઓનલાઈન અને પેપરલેસ કામકાજથી ન્યાયતંત્ર વધુ પારદર્શન બનશે. પેપરલેસ કોર્ટો માટે ઈ-ફાઈલિંગ અને ઈ-ચૂકવણી સિસ્ટમને સાર્વત્રિક બનાવાશે. ઉપરાંત ડેટા સ્ટોર માટે ક્લાઉડ સ્ટોરેજનો ઉપયોગ કરાશે. તમામ કોર્ટ પરિસરમાં ૪૪૦૦ ઈ-સેવા કેન્દ્ર સ્થાપવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, રક્ષાબંધને રસોઈ ગેસની કિંમત ઘટાડવામાં આવી હતી, જેમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ કહ્યું કે, આ યોજનાથી મહિલાઓના જીવનમાં મોટો બદલાવ આવ્યો છે.

### ન્યૂઝ બ્રિફ

#### ઉ.કોરિયાએ વધુ એક બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું



। મોસ્કો, તા.૧૩ ।

ઉ.કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે ફરી તણાવ વધ્યો છે. કિમ જોંગ ઉનની રશિયાની મુલાકાત વચ્ચે ઉ.કોરિયાએ વધુ એક બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરી ચોંકાવ્યા છે. દ.કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફના જણાવ્યા અનુસાર ઉ.કોરિયાએ તેના પૂર્વ તટથી એક બેલેસ્ટિક મિસાઈલ ઝિંકી હતી. માહિતી અનુસાર આજે સવારે કરાયેલા આ પરિક્ષણની અસર જાપાન સુધી થઈ હતી. જાપાનના કોસ્ટગાર્ડ વતી જણાવાયું કે આ મિસાઈલ સમુદ્રમાં પડી હતી.

#### વન-ડેમાં કુલદીપ યાદવ સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનારો લેફ્ટ આર્મ સ્પિનર

। નવી દિલ્હી, તા.૧૩ ।

એશિયા કપ ૨૦૨૩ના સુપર-૪માં ભારતીય ટીમ શ્રીલંકાને ૪૧ રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ટીમ બની ગઈ છે. હવે ભારતીય ટીમ ૧૫ સેપ્ટેમ્બરના રોજ સુપર-૪માં તેની અંતિમ મેચ બાંગ્લાદેશ સામે રમશે. બીજી તરફ ફાઈનલમાં પહોંચવા માટે હવે શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે આવતીકાલે ટક્કર થશે. ગઈકાલે રમાયેલી મેચમાં કુલદીપ યાદવે શાનદાર બોલિંગ કરી હતી.

### જૂનમાં બિપરજોય વાવાઝોડાથી રાજ્યમાંરૂ.૧૭૯૭.૮૨ કરોડનું નુકસાન

## બિપરજોયમાં નુકશાન પેટે ૭૦૦ કરોડ કેન્દ્રએ રાજ્યને આપ્યા નથી

### ગુજરાત વિધાનસભાના સત્રમાં કોંગ્રેસના ધારાસભ્યોએ સરકારને ઘેરવાનો પ્રયત્ન કર્યો

। ગાંધીનગર, તા.૧૩ ।

જૂન મહિનામાં બિપરજોય વાવાઝોડુ ગુજરાતના દરિયાકાંઠે ટકરાયું હતું. જેના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ સહતિના વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. ત્યાર બાદ વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનની સ્થળ આકારણી માટે કેન્દ્ર સરકારની બે ઈન્ટર-મિનિસ્ટેરિયલ સેન્ટ્રલ ટીમ (આઈએમસીટી) ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવી હતી. આ ટીમોએ વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોની રૂબરૂ મુલાકાત કરીને નુકસાન અંગે સ્થળ આકારણી કરી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા વાવાઝોડાથી ગુજરાતને રૂ.૧૭૯૭.૮૨ કરોડનું નુકસાન થયુ હોવાની કેન્દ્રીય ટીમ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રાજ્ય સરકારે કેન્દ્ર પાસે ૭૦૦ કરોડની સહાય માંગી હતી પરંતુ કેન્દ્રએ રાજ્ય સરકારને હજી સુધી કોઈ સહાય ચૂકવી નથી.

આજથી શરૂ થયેલા ગુજરાત વિધાનસભાના સત્રમાં કોંગ્રેસના ધારાસભ્યોએ સરકારને ઘેરવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારે કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે સરકારને સવાલ કર્યો હતો કે, બિપરજોય વાવાઝોડામાં ગુજરાતને થયેલા નુકસાન અંગે કેન્દ્ર સરકારે રાજ્યને કેટલી મદદ કરી છે. ગેનીબેન દ્વારા પુછવામાં આવેલા આ સવાલના જવાબમાં સરકારે કહ્યું હતું કે, રાજ્ય સરકારે કેન્દ્ર પાસે ૭૦૦ કરોડની સહાય માંગી હતી પરંતુ કેન્દ્ર તરફથી કોઈ સહાય આપવામાં આવી નથી.

બિપરજોય વાવાઝોડા બાદ કેન્દ્ર સરકારની બે ઈન્ટર-મિનિસ્ટેરિયલ સેન્ટ્રલ ટીમ બિપરજોય વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનની સ્થળ આકારણી માટે ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવી હતી. આ ટીમ સમક્ષ ગુજરાત સરકાર દ્વારા બિપરજોય વાવઝોડાથી ગુજરાતમાં થયેલા નુકસાનનો આંકડો રજૂ કરવામાં આવ્યો હતો.

### ચીનના પ્રતિનિધિમંડળના સભ્યની વિચિત્ર બેગે તંત્રને દોડતું કર્યું

। નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીમાં જી૨૦ સમિટ દરમિયાન હોટેલ તાજ પેલેસમાં હડકંપ મચી ગયો હતો. તેનું કારણ હતું ચાઈનીઝ પ્રતિનિધિમંડળની રહસ્યમય બેગ. લગભગ ૧૨ કલાક સુધી આ ચીનના પ્રતિનિધિમંડળના એક સભ્યનો હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. આ બેગમાં એક વિચિત્ર દેખાતો ડિવાઈસ મૂકેલો હતો જેને લઈને સુરક્ષાકર્મીઓને શંકા થઈ હતી. જી૨૦ સમિટ માટે ભારત આવેલા ચીનના પ્રતિનિધિમંડળને તાજ પેલેસ હોટેલમાં રોકાણ અપાયું હતું જ્યાં બ્રાઝિલનું પ્રતિનિધિમંડળ પણ હાજર હતું.

### હનોઈમાં ૯ માળના એપોર્ટમેન્ટમાં આગથી ૫૦નાં મોત

। હનોઈ, તા.૧૩ ।

વિયેતનામની રાજધાની હનોઈમાં ૯ માળના એપાર્ટમેન્ટમાં આગ લાગવાથી ઘણાં લોકોએ જીવ ગુમાવ્યો હતો. મળેલા અહેવાલો મુજબ એપાર્ટમેન્ટમાં લાગેલી ભીષણ આગને કારણે લગભગ ૫૦ લોકોના મોતની આશંકા છે. જો કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને બચાવ કાર્ય ચાલુ છે.




### અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે

## અયોધ્યામાં ખોદકામમાં પ્રાચીન મંદિરના કેટલાંક અવશેષો મળ્યા

। અયોધ્યા, તા.૧૩ ।

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન ખોદકામમાં પ્રાચીન મંદિરના કેટલાંક અવશેષો મળી આવ્યા છે. જેમાં અનેક મૂર્તિઓ અને સ્તંભો સામેલ છે. આ અંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે સોશ્યલ મીડિયા પર માહિતી આપી હતી. તેમણે એક ફોટો શેર કરી છે જેમાં મળી આવેલા અવશેષો દેખાઈ રહ્યા છે. આ પ્રથમ વખત છે જયારે મંદિરના નિર્માણ સમયે ખોદકામ દરમિયાન મળી આવેલી વસ્તુઓની ફોટો સામે આવી છે, જેમાં એક ડઝનથી વધુ



પ્રતિમાઓ, સ્તંભો અને શિલાઓ વગેરે સામેલ છે. આ શિલાઓમાં પર દેવી-દેવતાઓના શિલ્પો કોતરેલા છે. ફોટોમાં મંદિરમાં લાગનાર સ્તંભો પણ જોઈ શકાય છે. કહેવામાં આવી રહ્યું છે કે ખોદકામ દરમિયાન મળેલા આ અવશેષોને રામલલાના ભવ્ય મંદિરમાં શ્રધ્ધાળુઓના દર્શન માટે રાખવામાં આવશે. અયોધ્યામાં જયારે મંદિરનું નિર્માણ શરુ થયું હતું.

### ભારત-ઓસ્ટ્રેલિયા વન-ડેની શ્રેણીનું જીયો સિનેમા પર ૧૧ ભાષામાં પ્રસારણ

। મુંબઈ, તા.૧૩ ।

વાયકોમ૧૮એ લગભગ ૬,૦૦૦ કરોડ રૂપિયાની બિડ સાથે ભારતીય ક્રિકેટ ટીમની ડોમિસ્ટિક સિરીઝના ટીવી અને ડિજિટલ રાઈટ્સ ખરીદ્યા હતા. બીસીસીઆઈના આંતરરાષ્ટ્રીય તથા ઘરેલુ મેચના મીડિયા રાઈટ્સ સફળતાપૂર્વક મેળવી લીધા બાદ વાયકોમ૧૮એ આજે જાહેરાત કરી હતી કે તે આગામી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થતી ૩ વન-ડેની સિરીઝથી પ્રસારણ કરવાની યોજના બનાવી રહ્યું છે.

### એનસીપીના બે જૂથની પક્ષના દાવાને લઈને રસાકસી

## અજિત પવાર જૂથનું એક્સ એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવાયું

। મુંબઈ, તા.૧૩ ।

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)માં બે ગ્રુપ બન્યા બાદ શરદ પવાર અને અજિત પવાર વચ્ચે પાર્ટીના દાવાને અંગે રસાકસી ચાલી રહી છે. આ વચ્ચે અજિત પવાર ગ્રુપનું એક્સ (પૂર્વમાં ટ્વીટર) એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. અજિત ગ્રુપનું કહેવું છે કે, એક જ નામ પર એકાઉન્ટ હોવાની ફરિયાદ શરદ ગ્રુપે કરી હતી ત્યારબાદ એકાઉન્ટ સસ્પેન્ડ થયું છે. એનસીપ eSpeaks1ના નામથી બનેલા આ એકાઉન્ટ પર લખ્યું છે- એકાઉન્ટ સસ્પેન્ડ. એક્સએ એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધુ છે જેણે એક્સના નિયમોનું ઉલ્લઘંન કર્યું છે. આ



સાથે જ શરદ પવાર ગ્રુપે અજિત પવાર ગ્રુપ વિરુદ્ધ કાયદાકીય લડાઈ તેજ કરી દીધી છે. પવાર ગ્રુપે ચૂંટણી પંચને ૫૦૦ પાનાનો જવાબ દાખલ કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, અજિત પવાર સહિત ૩૯ ધારાસભ્યો જે તેમના ગ્રુપમાં સામેલ છે તેમને અયોગ્ય જાહેર કરવામાં આવે. શરદ પવારના નેતૃત્વ વાળી એનસીપીના વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર સામે જ અયોગ્યતા અરજીઓ દાખલ કરી છે.






### સુરતમાં ઈક્રમટેક્સ વિભાગનું મોટું સર્ચ ઓપરેશન

# સુરતમાં ડાયમંડ-જ્વેલર્સના 3 ગ્રુપ પર આઈટીના દરોડા

## ઈન્કટેક્સ દ્વારા પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને કાંતિલાલ જ્વેલર્સને ત્યા મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા

। સુરત, તા.૧૩ ।

સુરતમાં ઈન્કમટેક્સ વિભાગે મોટુ સર્ચ ઓપરેશન હાથ ધરતા ત્રણ ગ્રુપના ૩૫થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ ગ્રુપ પર દરોડા પાડતા જ્વેલર્સ નગરીમાં સન્નાટો છવાયો છે. ઈક્રટેક્સ દ્વારા પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને કાંતિલાલ જ્વેલર્સને ત્યા મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા છે. આ મેગા ઓપરેશન માટે ૧૦૦ કરતા પણ વધુ અધિકારીઓ જોડાયા છે. આ સર્ચ ઓપરેશનમાં ઈક્રમટેક્સને મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી સંભાવના છે. સુરતમાં ઈક્રમટેક્સ વિભાગે ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ મોટા ગ્રુપ પર તવાઈ બોલાવી છે અને ૧૦૦થી વધુ અધિકારીઓ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સુરતના જાણીતા પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને કાંતિલાલા જ્વેલર્સ ગ્રુપને ત્યાં ઈક્રમટેક્સ વિભાગનું સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યુ છે આ ઈક્રમટેક્ના દરોડાથી જ્વેલર્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીમાં ફફડાટ ફેલાયો છે.

## અમદાવાદમાં ગાયકવાડ હવેલીના પોલીસ કોન્સ્ટેબલનો આપઘાત

। અમદાવાદ,તા.૧૩ ।

અમદાવાદનાં રામોલ વિસ્તારમાં રહેતા અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ દ્વારા પોતાનાં ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ કિરણ લકુમે અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૃતક દ્વારા આપઘાત કરવા પાછળનું કારણ હજુ અકબંધ છે. પોલીસ કોન્સ્ટેબલ કિરણ લકુમ દ્વારા અગમ્ય કારણોસર ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાની જાણ પરિવાર સહિત પોલીસ બેડામાં થતા પોલીસ બેડામાં તેમજ મિત્ર વર્તુળમાં શોક છવાઈ જવા પામ્યો હતો.

### વલસાડ અને અમદાવાદમાં વોન્ટેડ હતો

# ટોલટેક્સથી બચવા આરોપી બની ગયો નાયબ મામલતદાર

## કિરીટ અમીન ઘણા ગુનાઓમાં વોન્ટેડ હતો, કિરીટ અમીન વિરુદ્ધ છેતરપિંડી સહિત ધાકધમકીના અનેક ગુના દાખલ છે

। અમદાવાદ, તા.૧૩ ।

PMO, CMO, NIA, CBI, ક્રાઈમ બ્રાન્ચ, ED તેમજ વિવિધ સરકારી એજન્સીઓના બોગસ અધિકારી બનીને તોડપાણી કરતા ગઠિયાઓનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. ગઈકાલે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે વોન્ટેડ આરોપીને પકડ્યો ત્યારે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આરોપી પાસેથી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત રેવન્યુ ડિપાર્ટમેન્ટના નાયબ મામલતદારનું આઈડી કાર્ડ મળી આવ્યું હતું. ટોલનાકા પર રુપિયા ન ભરવા પડે તે માટે આરોપીએ નાયબ મામલતદારનું કાર્ડ બનાવી લીધું હતું. આરોપી વલસાડ તેમજ અમદાવાદ ગ્રામ્યના પોલીસ સ્ટેશનના અનેક ગુનામાં વોન્ટેડ હતો. SOGના હાથમાં બગાસું ખાતા પતાસું આવી ગયું હોય તેવો ઘાટ ઘડાયો છે. SOGની ટીમને બાતમી મળી હતી કે ઘોડાસર વિસ્તારમાં આવેલા એમ્પાયર હાઈટ્સમાં રહેતા અને મૂળ અરવલ્લી જિલ્લાના કિરીટ અમીન વિરુદ્ધ વલસાડના ધરમપુર પોલીસ સ્ટેશનમાં તેમજ અમદાવાદ ગ્રામ્યના પોલીસ સ્ટેશનમાં સંખ્યાબંધ ગુના દાખલ થયા છે, તે ઓઢવ રિંગરોડ પર ઊભો છે. તમામ ગુનામાં કિરીટ વોન્ટેડ હોવાથી એસઓજીની ટીમ તેને પકડવા માટે ઓઢવ પહોંચી હતી.

## સુરત કોર્પોરેશનના જુનિયર એન્જિનીયરને ACBએ ૩૫ હજારની લાંચ લેતા ઝડપ્યો

। સુરત, તા.૧૩ ।

સુરતના વરાછા ઝોન-એના શહેર વિકાસ વિભાગના જુનિયર ઈજનેરને લાંચ લેતા એસીબીએ ઝડપી પાડ્યો છે, આ ઉપરાંત લાંચ માંગવામાં સામેલ પટાવાળાની પણ એસીબીએ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક મકાનના બીજા અને ત્રીજા માળે આવેલા બે રૂમનું ગેરકાયદેસર બાંધકામ નહીં તોડવા લાંચ માગવામાં આવી હતી.

સુરતના વરાછા ઝોન-છના શહેરી વિકાસ વિભાગના અધિકારી લાંચ લેતા પકડાયા છે. સુરત કોર્પોરેશનના જુનિયર એન્જિનીયર કેયુર પટેલને છઝમ્એ રૂપિયા ૩૫ હજારની લાંચ લેતા ઝડપી પાડ્યા. લાંચ લેવામાં પટ્ટાવાળો નિમેષ ગાંધી પણ સામેલ હોવાનું ખુલ્યું છે. મળતી માહિતી મુજબ સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એના શહેર વિકાસ વિભાગના જુનિયર ઈજનેર કેયુરભાઈ રાજેશભાઈ પટેલને એસીબીએ લાંચ લેતા ઝડપી પાડ્યા છે, આ ઉપરાંત લાંચ માંગવામાં સામેલ પટાવાળા, નિમેષકુમાર રજનીકાંત ગાંધીની પણ એસીબીએ ધરપકડ કરી છે, મકાનના બીજા માળ અને ત્રીજા માળે આવેલ બે રૂમનું ગેરકાયદે બાંધકામ નહી તોડવાના અવેજપેટે ૫૦ હજારની લાંચ બંને આરોપીઓએ માંગી હતી.

### ઠગબાજો અનેક લોકોને ચુનો લગાવી ચુક્યા છે

## સસ્તું સોનુ આપવાના બહાને ઠગાઈ આચરતી ટોળકીની SOG ક્રાઈમે ધરપકડ કરી

। અમદાવાદ, તા.૧૩ ।

જો તમને કોઈ સસ્તુ સોનુ આપવાની લાલચ આપે તો એ પહેલા ચેતજો, SOG ક્રાઈમે આવી રીતે સસ્તુ સોનુ આપવાના નામે ઠગાઈ આચરતી ટોળકીના બે આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપીઓ નકલી પોલીસ બનીને ગુનો આચરતા હતા. એક આરોપી પાસે નકલી નાયબ મામલતદારનું આઈકાર્ડ પણ મળી આવ્યુ હતુ. જો કે આરોપીઓ રાજ્યમાં અનેક શહેરોમાં ગુના આચરી ચુક્યા છે. આરોપી કિરીટકુમાર અમીન અને ઈશ્વરપુરી ગોસ્વામી છેતરપીંડી કેસમાં વોન્ટેડ હતા. જે બન્ને આરોપીની ધરપકડ કરાઈ છે. પકડાયેલ બન્ને આરોપી નકલી પોલીસ બનીને અન્ય ટોળકીના સભ્યો સાથે મળી સસ્તું સોનું આપવાના બહાને લોકોને ટાર્ગેટ કરીને ઠગાઈ આચરતા. આ ટોળકીની મોડ્સ ઓપરેન્ડીની વાત કરીએ તો ટોળકીના બે-ત્રણ શખ્સો દ્વારા સસ્તું સોનુ આપવાના બહાને વ્યક્તિને સોનુ બતાવે જે બાદ સોનાની અડધી કિંમતમાં સોનુ આપવાના બહાને કોઈક અવાવરું જગ્યાએ વ્યક્તિને બોલાવતા. જે બાદ વ્યક્તિ સાથે થયેલી ડીલ મુજબ પૈસા લઈને સોનુ આપી દેતા. તે સમયે જ નકલી પોલીસ બનીને પકડાયેલ બન્ને આરોપી આવતા અને પોલીસનો ડર બતાવીને ડરાવી ધમકાવીને પૈસા અને સોનુ લઈને જતા રહેતા હતા. આવી જ રીતે ચારથી પાંચ લોકો નકલી પોલીસ બનીને આવતા હતા. ત્યારે વલસાડના ધમરપુર અને અમદાવાદ ગ્રામ્યના કેરાલા જીઆઈડીસીમાં આ રીતે છેતરપિંડી આચરી હતી.

### પોલીસ કોન્સ્ટેબલ અભયરાજસિંહ જાડેજા વિરુદ્ધ નોંધાઇ ફરિયાદ

# પરણિત હોવા છતાં મહિલા કોન્સ્ટેબલને પોતાના પ્રેમમાં ફસાવી હોવાનો આરોપ

## ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે આત્મહત્યા પહેલા મહિલા કોન્સ્ટેબલે અભયરાજસિંહ જાડેજાને ગળે ફાંસો ખાતી સેલ્ફી પણ મોકલી હતી

। અમદાવાદ, તા.૧૩ ।

રાજકોટના જેતપુરના મહિલા કોન્સ્ટેબલ દયા સરિયા આત્મહત્યા કેસમાં આખરે જવાબદાર પોલીસ કોન્સ્ટેબલ અભયરાજસિંહ જાડેજા વિરુદ્ધ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ કોન્સ્ટેબલ અભયરાજસિંહ જાડેજા વિરુદ્ધ મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પોતે પરિણિત હોવા છતાં મહિલા કોન્સ્ટેબલને પ્રેમ જાળમાં ફસાવી તેને મરવા



માટે મજબૂર કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે અભયરાજસિંહ જાડેજા જેતપુર સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવે છે. પોતે પરિણીત હોવા છતાં દયા સરિયાને પ્રેમજાળમાં ફસાવી હતી. વધુમાં ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે આત્મહત્યા પહેલા મહિલા કોન્સ્ટેબલે અભયરાજસિંહ જાડેજાને ગળેફાંસો ખાતી સેલ્ફી પણ મોકલી હતી. મૃતક છેલ્લા અઢી વર્ષથી જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતાં. નોંધનીય છે કે મહિલા કોન્સ્ટેબલ આત્મહત્યા કેસમાં પોલીસે કોઈ નક્કર કાર્યવાહી ન કરતા સોમવારના કોળી સમાજ તરફથી મૌન રેલી યોજી ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. જો જવાબદાર સામે ફરિયાદ ન નોંધાય તો ભૂખ હડતાળની ચીમકી ઉચ્ચારી હતી.

## ચાર રાજ્યોની ચૂંટણીથી સુરતના વેપારીઓને લોટરી લાગશે

। સુરત,તા.૧૩ ।

સુરતમાં ટેક્સટાઈલ માર્કેટ આખા દુનિયામાં ફેમસ છે. આખા દેશમાં કાપડ પૂરુ પાડતું સુરતનું ટેક્સટાઈલ માર્કેટને સપ્ટેમ્બરમાં દિવાળી જેવો માહોલ આવ્યો છે. સુરતના વેપારીઓને લોટરી લાગી છે. ચાર રાજ્યોમાં ચૂંટણી પ્રચાર સામગ્રી માટે સુરત કાપડ માર્કેટમાં ઈક્વાયરી શરૂઆત થઈ ગઈ છે. ત્યારે સુરતના વેપારીઓને ૧૦૦ કરોડના ઓર્ડર મળવાની આશા જાગી છે. સુરતના કાપડ માર્કેટમાં અન્ય રાજ્યો કરતા સસ્તુ કાપડ મળે છે. તેથી સુરતના કાપડના માર્કેટને હવે ચાંદી જ ચાંદી છે. ચાર રાજ્યોમાં ચૂંટણી હોવાથી સુરતના કાપડ માર્કેટમાં સારો વેપાર મળવાની આશા જાગી છે. સુરતના કાપડ વેપારીઓનું માનવું છે કે, આ ચૂંટણીઓને કારણે સુરતના વેપારીઓને ૧૦૦ કરોડથી વધુનો ઓર્ડર મળી શકે છે. કાપડ માર્કેટના સૂત્રો અનુસાર, ચૂંટણી હોવાથી રાજકીય પાર્ટીઓ પ્રસાર પ્રચાર માટે ઝંડા, ટોપી, ખેસ, સાડી સહિતની વસ્તુઓ બનાવવા માટે ઓર્ડર આપી શકે છે. સાથે જ લોકસભાનીચૂંટણીપણઆવીરહીછે. તેથી મોટાપાયે ઓર્ડર મળશે. ચૂંટણી માટે ત્રણ મહિના પહેલા જ ઓર્ડર આવી જાય છે. હાલ અનેક રાજકીય પાર્ટીઓએ સુરતના વેપારીઓ પાસે ઈક્વાયરી શરૂ કરી દીધી છે, તેથી ઓર્ડર પણ ટૂંક સમયમાં આવી જશે.

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ વચ્ચે તંત્રની મોટી બેદરકારી

। બનાસકાંઠા, તા.૧૩ ।

યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમનો મેળો ભરાતો હોય છે. જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી પહોંચતા હોય છે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જેથી ભાદરવી પૂનમના મેળાને લઈને સ્થાનિક તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. ત્યારે અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ વચ્ચે તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. અંબાજીમાં મેળાની તૈયારીના ભાગરૂપે તંત્ર નાટક કરતું હોય તેવો ઘાટ જોવા મળ્યો છે.

અંબાજીમાં રોડ પર પડી ગયેલા ખાડાને ભરવાની કામગીરી હાથ ધરાઈ છે. એટલે કે ખાડા પર ડામરના થીગડા મારવામાં આવી રહ્યા છે. તંત્રએ રસ્તો બનાવવાને બદલે ડામરના થીગડા મારીને સંતોષ માની લીધો છે. એટલું જ નહીં અંબાજીમાં રોડ પર ખાડા પૂરવાની કામગીરીમાં પણ વેઠ ઉતારવામાં આવ્યો છે. રસ્તા પર પાણી ભરેલા ખાડામાં ડામર ઠાલવતા અનેક સવાલો ઉઠ્યા છે. પાણીમાં ડામર નાખતા ડામર રોડ પર ચોટશે કે નહીં તે પણ એક મોટો સવાલ છે. આપને જણાવી દઈએ કે, આગામી ૨૩થી ૨૯ સપ્ટેમ્બર સુધી આ રસ્તાઓ પરથી લાખો લોકો પસાર થવાના છે.

## વિશેષ લેખ


### મંગળ પર માનવ વસાહતની તૈયારીઓ । ૨૦૨૩ સુધી મંગળ ગ્રહ પર માણસોને રહેવા માટે કોલોની બનાવવામાં આવશે

# મંગળ પરજવા માટે અમેરિકનો સૌથી આગળ છે અમેરિકામાં ૩૭,૮૫૨ લોકોએ પોતાની ટિકિટ બુક કરાવીને રાખી છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ





પૃથ્વી માણસોથી ઉભરાઈ રહી છે ત્યારે હવે વિજ્ઞાનીઓ મનુષ્યને મંગળના ગ્રહ પર રહેવા માટે મોકલવાની તૈયારી કરી રહી છે.કારણ કે મંગળ ગ્રહ પર જવા માટે રજિસ્ટ્રેશન કરાવવું પડશે.જેની છેલ્લી તારીખ ૩૨ ઑગસ્ટ છે.આપને થશે કે વળી મંગળ ગ્રહ પર કોણ જવા માગતું હશે, પરંતુ ભારતમાંથી લગભગ ૮,૧૦૭ લોકો મંગળ પર જવા માટે રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે.

સૌથી વધારે મંગળ પર જવાની ઈચ્છા ધરાવનાર અમેરિકનો સૌથી આગળ છે. અમેરિકામાં ૩૭,૮૫૨ લોકોએ મંગળ પર જવા માટે પોતાની ટિકિટ બુક કરાવી લીધી છે. જો ટોપ ૧૦માં આવનાર અન્ય દેશોની વાત કરીએ તો અમેરિકા બાદ ચીનનો નંબર આવે છે, જ્યાં ૧૩,૧૨૪ લોકો મંગળ ગ્રહ પર જવા માગે છે. જ્યારે ચીન બાદ બ્રાઝિલમાંથી ૮,૬૮૬ લોકો, ભારતમાંથી ૮,૧૦૭ લોકો, રશિયામાંથી ૭,૧૩૮ લોકો, બ્રિટેનમાંથી ૬,૯૯૯ લોકો, મેક્સિકોમાંથી ૬,૭૭૧ લોકો, કેનેડામાંથી ૬,૫૯૩ લોકો, સ્પેનમાંથી ૩,૬૨૧ લોકો અને ફિલિપીંસમાંથી ૩,૫૧૬ લોકો મંગળ ગ્રહ પર જવા માગે છે.

મંગળ પર જવા માટે માર્સ વન નામની એક કંપનીએ એક પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જે અનુસાર ૨૦૨૩ સુધી મંગળ ગ્રહ પર માણસોને રહેવા માટે કોલોની બનાવવામાં આવશે. માર્સ વન પ્રોજેક્ટ આ સમયે આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગયો છે. રિપોર્ટ અનુસાર ૧૪૦થી વધારે દેશોના લોકો કોઈ અન્ય ગ્રહ પર જીવન વિતાવવાનું મન બનાવી રહ્યા છે. થોડા વર્ષો પહેલા લોકોને ચાંદ ઉપર રહેવું શક્ય લાગતું હતું. પરંતુ હવે અમેરિકા ચાંદ ઉપર વસ્તી વસાવવાની તૈયારી કરી રહ્યું છે. જેના માટે અમેરિકાએ અરબો રૂપિયા ખર્ચી નાંખ્યા છે. થોડા વર્ષોમાં જ મંગળ ગ્રહ ઉપર માણસો પગ મૂકતા દેખાશે. વૈજ્ઞાનિકોએ એ વિસ્તાર પણ શોધી લીધો છે જે માણસોને રહેવા માટે મંગળગ્રહ ઉપર સૌથી સુરક્ષિત જગ્યા છે.

દુનિયાભરના વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં પોતાના અભિયાનોમાં ગતિ લાવી રહ્યા છે. નાસાએ પોતાના અભિયાન જ્યારે ચીન પણ મંગળ ઉપર મોકલવા માટેની તૈયારી કરી રહ્યું છે. તેઓ ચાંદ ઉપર પોતાના મહત્વાકાક્ષી અભિયાનોમાં લાગ્યા છે. ભારતે પણ ચંદ્રમા ઉપર પોતાના અંતરિક્ષયાત્રી મોકલવાની તૈયારી રજૂ કરી છે. ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી યાત્રીઓની અવર-જવર સામાન્ય બની ગયું છે.

દુનિયાભરના વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં પોતાના અભિયાનોમાં ગતિ લાવી રહ્યા છે. નાસાએ પોતાના અભિયાન જ્યારે ચીન પણ મંગળ ઉપર મોકલવા માટેની તૈયારી કરી રહ્યું છે. તેઓ ચાંદ ઉપર પોતાના મહત્વાકાક્ષી અભિયાનોમાં લાગ્યા છે. ભારતે પણ ચંદ્રમા ઉપર પોતાના અંતરિક્ષયાત્રી મોકલવાની તૈયારી રજૂ કરી છે. ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી યાત્રીઓની અવર-જવર સામાન્ય બની ગયું છે. આ સમયે વૈજ્ઞાનિકોનું ફોકસ ચાંદની સાથે મંગળ ઉપર પણ છે. નાસાના અનેક અભિયાન મંગળવ ઉપર પહેલા પણ કામ કરી રહ્યા છે. જૂલાઈમાં નાસા પર્સિવિયરેસ રોવર પ્રક્ષેપિત થનાર છે. ત્યાંથી માટીના નમૂના લાવવાની તૈયારી કરશે. આ તમામ શોધ સાથે વૈજ્ઞાનિક આ વાતની પણ શોધ કરી રહ્યા છે કે મંગળગ્રહમાં કોઈ જગ્યા ઉપર વૈજ્ઞાનિક સુરક્ષિત રહી શકે છે. જેનાથી તેઓ કેટલોક સમય શોધ કરી શકે. થોડા વર્ષોમાં જ મંગળ ગ્રહ ઉપર માણસો પગ મૂકતા દેખાશે. વૈજ્ઞાનિકોએ એ વિસ્તાર પણ શોધી લીધો છે જે માણસોને રહેવા માટે મંગળગ્રહ ઉપર સૌથી સુરક્ષિત જગ્યા છે.

અત્યારે મંગળના સ્તર ઉપર કોઈ જગ્યા નથી. જ્યાં કેમ્પ લગાવી શકાય. પરંતુ શોધકર્તા છેલ્લા કેટલાક સમયમાં ત્યાં એવી જગ્યાની શોધમાં લાગ્યા છે. જ્યાં મંગળ ઉપર જનારા વૈજ્ઞાનિકો માટે સૌથી સુરક્ષિત હોય. વૈજ્ઞાનિકોએ આવી જગ્યાની શોધ પણ કરી લીધી છે. આ હેલાસ પ્લેનિટિયા નામના બેસિનના નિચલા વિસ્તારમાં સ્થિત છે. જે ઉલ્કા પિંડની ટક્કરથી બની છે.

**કેમ શક્ય છે અહીં રહેવું ?**

મંગળ ઉપર ક્યાંય પણ રહેવા માટે આસાન નથી. કારણ કે જમીનનું સ્તર સૂકું છે. અહીં ઓક્સિજન નથી અને સૂર્યની કિરણો સીધી પહોંચે છે. આવી સ્થિતિમાં મંગળ ઉપર પહોંચીને જીવતું રહેવું ખૂબ જ ખતરનાક સાબિત થશે. નાસા આ અંગે લાબા સમયથી શોધ કરી રહી છે.

### ૧૫થી ૨૪ જાન્યુ.માં અયોધ્યામાં રામલલાની પ્રતિષ્ઠાની શક્યતા

# દ.કોરિયાની મંદિરના ઉદ્‌ઘાટન સમારોહમાં સામેલ થવાની ઈચ્છા

## દક્ષિણ કોરિયાના રાજદૂતે કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ઐતિહાસિક રીતે ખુબ મહત્વપૂર્ણ છે

| નવી દિલ્હી,તા.૧૩ |

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્યાતિભવ્ય રામલલાનું મંદિર નિર્માણ પામી રહ્યું છે. આગામી વર્ષે ૧૫થી ૨૪ જાન્યુઆરી વચ્ચે નવા નિર્માણ પામેલા મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ શકે છે... ભક્તો પણ આ અનેરી તક જોવા ઉત્સુક થઈ રહ્યા છે... ત્યારે રામલલાના મંદિરના ઉદઘાટન અંગે દક્ષિણ કોરિયાના રાજદૂત યાંગ જે-બોકે મોટું નિવેદન આપ્યું છે. એક કાર્યક્રમ દરમિયાન યાંગે મંદિરના ઉદઘાટન સમારોહમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. દક્ષિણ કોરિયાના રાજદૂત યાંગ જે-બોકે કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ઐતિહાસિક રીતે ખુબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાંત તેમણે ઈચ્છા વ્યક્ત કરી છે કે, જો ભારત સરકાર રામ મંદિરના ઉદઘાટનનું સત્તાવાર આમંત્રણ આપશે તો સાઉથ કોરિયા નિશ્ચિતપણે ભાગ લેશે. સમાચાર એજન્સી પીટીઆઈ સાથે વિશેષ વાતચીત દરમિયાન યાંગ જેએ કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકાર અથવા ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિરના ઉદઘાટન કાર્યક્રમ અંગે વિસ્તૃત જાણકારી આપવી જોઈએ... જો ભારત સરકાર સત્તાવાર આમંત્રણ પાઠવશે તો દક્ષિણ કોરિયા નિશ્ચિતરૂપે કાર્યક્રમમાં સામેલ થવા માટે કામ




કરશે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણની જવાબદારી સંભાળી રહેલા વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસના મહાસચિવ ચંપય રાયે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે એક શુભ મુહૂર્તમાં મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે બે માળના રામ મંદિરનો ગ્રાઉન્ડ ફ્લોર સંપૂર્ણપણે તૈયાર છે. મૂર્તિની સ્થાપના બાદ ભક્તો મંદિરમાં રામ લાલાના દર્શન કરી શકશે. આ દરમિયાન બીજા માળનું બાંધકામ પણ ચાલુ રહેશે.૨૨ જાન્યુઆરીએ રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠાની યોજના છે. મુખ્ય સમારોહ હેઠળ વડાપ્રધાન મોદી રામલલાના નવનિર્મિત ગર્ભગૃહમાં સ્થાપિત કરશે. ત્યારે વિશ્વવ્યાપી લાઈવ પ્રસારણ કરાશે. રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ તથા વિહિપના નેતૃત્વની યોજના દેશના પાંચ લાખ મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠાના લાઈવ પ્રસારણ કરવાની છે. શ્રી રામ જન્મભૂમિ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૩૮૦ ફૂટની લંબાઈ છે તથા ઉત્તર અને દક્ષિણ દિશામાં પહોળાઈ ૨૫૦ ફૂટની રહેશે. આ મંદિર ગ્રાઉન્ડ ફ્લોરની સાથે જ ત્રણ માળનું રહેશે. મંદિરની કુલ ઊંચાઈ ૩૯૨ ફૂટની રહેશે.જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ૧૬૬ ફૂટ,પ્રથમ માળ ૧૪૪ ફૂટ અને બીજો માળ ૮૨ ફૂટ ઊંચો હશે. જોકે ગર્ભ ગૃહ અને તેની આજુબાજુ નકશીકામવાળા બલુઆ પથ્થરોનો ઉપયોગ કરાયો છે. તેના માટે લગભગ ૪.૭૦ લાખ ક્યૂબિક ફૂટ નકશીકામવાળા પથ્થરોને રાજસ્થાના ભરતપુર જિલ્લામાં બંસી, પહાડપુર અને સિરોહી જિલ્લાના પિંડવાડાથી લવાયા છે. ગર્ભગૃહની અંદરનાં નિર્માણમાં રાજસ્થાનના મકરાણા પર્વતોના સફેદ સંગેમરમર જોવા મળશે. પૂર અને માટીના ધોવાણને અટકાવવા માટે દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશામાં રિટેનિંગ વૉલનો ઉપયોગ કરાયો છે. ઉલ્લેખનિય છે કે, અગાઉ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સૂત્રો દ્વારા માહિતી મળી હતી કે, મંદિરના ઉદ્‌ઘાટન બાદ પણ રામભક્તોને ભગવાન રામની મૂર્તિને સ્પર્શ કરવાની તક મળશે નહીં. ભક્તોને ગર્ભગૃહમાં પણ પ્રવેશ આપવામાં આવશે નહીં. લોકો લગભગ ૩૫ ફૂટ દૂરથી ભગવાનના દર્શન કરી શકશે.

### મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી જાતીય હિંસા હજુ જારી

# મણિપુરમાં હિંસામાં ૩ લોકોનાં મોત, પોલીસ-આસામ રાઈફલ્સ વચ્ચે સંઘર્ષ

## મણિપુર પોલીસે આસામ રાયફલ્સ પર શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો

| ઈમ્ફાલ, તા.૧૩ |

મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી જાતીય હિંસા હજુ પણ ઘટના વિસ્તારોમાં જોવા મળી રહી છે, ત્યારે રાજ્ય પર વધુ એક સંકટ આવી ચઢ્યું છે.. દરમિયાન મણિપુરના કાંગપોકજીમાં આજે થયેલી હિંસામાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે રાજ્યમાં ઓછામાં ઓછા ૫૦થી વધુના મોત થયા છે. રાજ્યમાં મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને હિંસાનું સૌથી મોટું કારણ માનવામાં આવ્યું છે. રાજ્યમાં હિંસાને ઠારવા રાજ્ય સરકાર ઉપરાંત કેન્દ્ર સરકાર પણ તમામ પ્રયાસો કરી રહી છે, જોકે આ પ્રયાસો વચ્ચે મણિપુર પોલીસ અને આસામ રાઈફલ્સ વચ્ચે સંઘર્ષના અહેવાલો સામે આવ્યા છે, જેના કારણે રાજ્ય પર વધુ એક સંકટ ઉભુ થયું છે.

રાજ્યના ચુરાચાંદપુરને અડીને આવેલા બિષ્ણુપુરમાં હાલ શાંતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે, ત્યારે મણિપુર પોલીસે આસામ રાયફલ્સ પર શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો છે. એટલું જ નહીં મણિપુર પોલીસે ૯મી આસામ રાઈફલ્સ વિરુદ્ધ સુઓ મોટો કેસ દાખલ કર્યો છે. ફરિયાદમાં આસામ રાઈફલ્સ વિરુદ્ધ ૫ ઓગસ્ટે કાર્યવાહીમાં રસ્તા પર અવરોધ ઉભો કરવાનો તેમજ એક પોલીસ દળને ડ્યુટી દરમિયાન રોકવાનો આરોપ લગાવાયો છે. ફરિયાદમાં એવો આરોપ લગાવાયો છે કે, આસામ રાઈફલ્સ દ્વારા શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાના કારણે કુકી ઉગ્રવાદીઓને ભાગવામાં મદદ મળી અને ૩ મૈતેઈ સમુદાયના લોકોની મોત થઈ ગઈ.



આ મામલે સેના દ્વારા ટ્વિટ કરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. સેના તરફથી જણાવાયું છે કે, સુરક્ષા દળોની ભૂમિકા અને ઈરાદાઓ પર કેટલાક અરાજકતા ફેલાવતા તત્વો હુમલા કરી રહ્યા છે અને તેમના પ્રયાસોને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સેનાએ કહ્યું કે, આસામ રાઈફલ્સ ૩ મેથી સતત મણિપુરમાં લોકોની જિંદગી બચાવવાનું અને રાજ્યમાં શાંતિ સ્થાપવાની દિશામાં કામ કરી રહી છે.

મણિપુરમાં અનુસૂચિત જનજાતિ (એસટી)નો દરજ્જો આપવાની મેઈતી સમુદાયની માંગના વિરોધમાં ત્રીજી મેએ પર્વતીય જિલ્લાઓમાં આદિવાસી એકજુટતા માર્ચનું આયોજન કરાયા બાદ હિંસક ઘટનાઓ શરૂ થઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં હિંસામાં ઓછામાં ઓછા ૧૫૨ લોકોના મોત થયા છે. મણિપુરમાં મેઈતી સમુદાયની ૫૩ ટકા વસ્તી છે અને તેઓ મુખ્યરૂપે ઈમ્ફાલ ખીણમાં રહે છે, જ્યારે નગા અને કુકી જેવા આદિવાસી સમુદાયોની વસ્તી ૪૦ ટકા છે અને તેઓ મુખ્યત્વે પર્વતીય જિલ્લાઓમાં રહે છે.

# સેન્સેક્સમાં ૨૪૬, નિફ્ટીમાં ૭૭ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

| મુંબઈ, તા.૧૩ |

ભારતીય શેર માર્કેટમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો, માર્કેટમાં આજે બન્ને મોટા ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ઉપલી લેવર કારોબાર કરી રહ્યાં હતાં, દિવસના અંતે માર્કેટમાં જોરદાર વેચવાલી અને લેવાલી જોવા મળી. કારોબારી દિવસના અંતે આજે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૩૭ ટકાના ઉછાળા સાથે ૨૪૫.૮૬ પૉઈન્ટ અપ રહ્યો અને ૬૭,૪૬૬.૯૯ના સ્તરે બંધ થયો હતો, તો વળી, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટીમાં પણ કારોબારમાં તેજી જોવા મળી, નિફ્ટી ૦.૩૮ ટકાના વધારા સાથે ૭૬.૮૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૨૦,૦૭૦.૦૦ના સ્તરે બંધ રહ્યો હતો. આજે માર્કેટમાં ઓવરઓલ તેજીનો માહોલ જોવા મળ્યો હતો. મંગળવારના ઘટાડા બાદ ભારતીય શેરબજાર બુધવારે ટ્રેડિંગ સેશનમાં શરૂઆતી આંચકા બાદ તેજી સાથે બંધ થયું હતું. આજે પણ દિવસના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ બજાર બંધ થાય તે પહેલા રોકાણકારોની ખરીદીને કારણે રિકવરી જોવા મળી હતી અને મિડકેપ અને સ્મૉલ ઈન્ડેક્સ ગ્રીનમાં પાછા ફર્યા હતા. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૨૪૬ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૭,૪૬૭ પૉઈન્ટ અને નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી ૭૭ પૉઈન્ટના ઉછાળા સાથે ૨૦,૦૭૦ પૉઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બેંક્કિંગ શેરોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી બેંક ૪૦૦ પૉઈન્ટના ઉછાળા સાથે બંધ થયો છે.

### મુસાફરી ઝડપી, અને વધુ સુરક્ષિત બનાવવાનો ઉદ્દેશ્ય

# ફિનલેન્ડે દ્વારા વિશ્વનો પ્રથમ ડિજિટલ પાસપોર્ટ લોન્ચ કરાયો

| હેલસિંકી, તા.૧૩ |

મુસાફરી ઝડપી, સરળ અને વધુ સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે ડિજિટલ પાસપોર્ટ લોન્ચ કરનાર ફિનલેન્ડ વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ફિનૈર, ફિનિશ પોલીસ અને એરપોર્ટ ઓપરેટર ફિનેવિયાની ભાગીદારીમાં ૨૮ ઓગસ્ટે દેશે ટેસ્ટીંગ શરૂ કર્યું હતું. ફિનિશ બોર્ડર ગાર્ડ આ ટેસ્ટીંગનું સંચાલન કરી રહ્યું છે, જે હેલસિંકી એરપોર્ટના બોર્ડર કંટ્રોલ પર હાથ ધરવામાં



આવશે અને ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. આ ટેસ્ટીંગ ફિનલેન્ડને ડિજિટલ મુસાફરી ડોક્યુમેન્ટનું પરીક્ષણ કરનાર વિશ્વભરમાં પ્રથમ દેશ બનાવે છે. હાલ માટે આ ટેસ્ટીંગ ફક્ત લંડન, માન્ચેસ્ટર અને એડિનબર્ગ જતા ફિનિશ લોકો માટે છે.

### ભાજપ સામે બાંયો ચઢાવવા વિપક્ષી સંગઠન સજ્જ

# પ્રમુખ શરદ પવારને ત્યાં ઈન્ડિયા કોઓર્ડિનેશન સમિતિની બેઠક

## બેઠકમાં લોકસભા ચૂંટણી માટે સીટ વહેંચણીની ફોર્મ્યૂલા અને અભિયાન અંગેની રણનીતિ પર ચર્ચાની શક્યતા

| મુંબઈ, તા.૧૩ |

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈક્લૂઝિવ એલાયન્સ (ઈન્ડિયા)ની કોઓર્ડિનેશન સમિતિની આજથી પહેલી બેઠક યોજાઈ શકે છે. આ બેઠક એનસીપી (એનસીપી) પ્રમુખ શરદ પવારના નિવાસે યોજાશે. આ બેઠકમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે સીટ વહેંચણીની ફોર્મ્યૂલા અને અભિયાન



ચલાવવા અંગેની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી શકે છે. કોઓર્ડિનેશન કમિટીમાં અલગ અલગ વિપક્ષી દળોના ૧૪ નેતા સામેલ છે. આ સમિતિની બેઠક શરદ પવારના નિવાસે યોજાવાની છે. સૂત્રોએ જણાવ્યું કે અનેક વિપક્ષી દળોના નેતાઓએ સીટ વહેંચણીની ફોર્મ્યૂલા જલદી તૈયાર કરવાની માગ કરી છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે લોકસભા સીટો પર ભાજપના ઉમેદવારો સામે વિપક્ષ તરફથી એક સંયુક્ત ઉમેદવારને ઉતારવામાં આવી શકે છે.

### પૂર્વ મંત્રી આઝમ ખાનની મુશ્કેલી વધી

# આઝમખાનના ૩૦ સ્થળો પર આઇટી-ઈડીના દરોડા પડ્યા

| લખનઉ, તા.૧૩ |

પૂર્વ મંત્રી અને સપાના વરિષ્ઠ નેતા આઝમ ખાનની મુશ્કેલી વધી છે આજે વહેલી સવારે તેના રહેણાંક સહિત અનેક સ્થળોએ આયકર વિભાગે અને ઈડીએ સવારે દરોડા પાડ્યા છે જેમાં રામપુર, મેરઠ, ગાઝિયાબાદ, સહારનપુર, સીતા પુર અને લખનઉના સ્થળોનો સમાવેશ થાય છે. આયકર વિભાગે અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વરા આઝમ ખાનના ૩૦ સ્થળો પર દરોડા ચાલી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશમાં પણ આઝમ ખાનના સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આઝમ ખાન વિરુદ્ધ ૨૦૧૯માં જોહર યૂનિવર્સિટી માટે જમીન પર કબ્જાના ૩૦ કેસો નોંધાયા હતા. તે સમયે પ્રશાસને તેને ભૂમાફિયા પણ જાહેર કર્યો હતો. ઈડીએ પણ આઝમ ખાન વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.આ આગાઉ છ મહિના પહેલા આયકર વિભાગે પૂર્વ મંત્રી આઝમ ખાન અને તેમની પત્ની તંજીન ફાતિમાં તેમજ તેના દિકરા અબ્દુલ્લાના આવકવેરાના સોગંદનામાની ફરીથી તપાસ કરવામાં આવી હતી.

**ન્યૂઝ બ્રિફ**

### તમિલનાડુના મુખ્યમંત્રીના પુત્ર સામે મુંબઈમાં વધુ એક એફઆઈઆર

| મુંબઈ, તા.૧૩ |

સનાતન ધર્મ અંગે કરેલી ટિપ્પણીને લઈને તમિલનાડુ સરકારમાં મંત્રી અને મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ સ્ટાલિન વિરુદ્ધ વધુ એક એફઆઈઆરનોંધાઈ છે. ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવાના આરોપમાં મુંબઈના મીરા રોડ પોલીસ સ્ટેશનમાં આ એફઆઈઆરનોંધાવામાં આવી છે. એફઆઈઆરમાં વિભિન્ન સમૂહો વચ્ચે નફરત ફેલાવા માટે આઈપીસીની કલમ ૧૫૩એઅને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે આઈપીસીની કલમ ૨૯૫એને સામેલ કરવામાં આવી છે. ગત અઠવાડિયે ઉત્તર પ્રદેશના રામપુરમાં સ્ટાલિન વિરુદ્ધ એફઆઈઆરનોંધવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગેનું નામ પણ સામેલ છે. ઉદયનિધિના નિવેદનનું સમર્થન કરવાના આરોપમાં પ્રિયાંકનું નામ પણ એફઆઈઆરમાં નોંધવામાં આવ્યુ છે. આ ઉપરાંત આ જ મામલે બિહારમાં મુઝફ્ફરપુર ચીફ જ્યુડિશિયલ મજિસ્ટ્રેટ કોર્ટમાં પણ ઉદયનિધિ સ્ટાલિન વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેન્ગ્યુ અને મેલેરિયા સાથે કરીને તેને ખતમ કરવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સનાતન ધર્મ સામાજિક ન્યાય અને સમાનતાની વિરુદ્ધ છે. કેટલીક વસ્તુઓનો વિરોધ ન કરી શકાય.




હૈદરાબાદના વિપ્રો સર્કલ ખાતે આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડૂની ધરપકડ દરમિયાન તેમના સમર્થન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### મમતા દુબઈ અને સ્પેનના ૧૨ દિવસનમા પ્રવાસે

# જનતાનું સમર્થન મળશે તો સત્તા પર જરૂર આવીશું : મમતા બેનર્જી

| નવી દિલ્હી, તા.૧૩ |

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી હાલ દુબઈ અને સ્પેનના ૧૨ દિવસના પ્રવાસે છે. મમતાએ આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સાથે મુલાકાત કરી હતી અને નવેમ્બરમાં યોજાનાર સ્ટેટ બિઝનેસ સમિટ માટે આમંત્રણ પાઠવ્યું હતું. આ દરમિયાન જ્યારે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ મમતાને પૂછ્યું કે, "શું તમે ઈન્ડિયાગઠબંધનનું નેતૃત્વ કરશો ?" તો મમતાએ હસીને જવાબ આપ્યો... મમતાએ કહ્યું કે, જો જનતાનું સમર્થન મળશે, તો જરૂર સત્તામાં આવીશું.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, શ્રીલંકાના રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેએ મને દુબઈ એરપોર્ટમાં જોઈ કેટલીક વાતચીત કરવા બોલાવી... હું તેમના અભિવાદનથી ખુબ ખુશ થઈ અને તેમને કોલકાતમાં યોજાનારા બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ-૨૦૨૩ માટે આમંત્રણ પાઠવ્યું... મમતાએ કહ્યું કે, મને રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેએ પણ શ્રીલંકાની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું... આ એક સુખદ વાતચીત હતી.

### લીબિયામાં વાવાઝોડાં બાદ વિનાશકારી પૂરથી વિનાશ

# લિબિયામાં વાવાઝોડા અને પૂરથી ૫૨૦૦થી વધુ લોકોનાં મોત થયા

| ડેરના, તા.૧૩ |

લીબિયામાં ભયાનક વાવાઝોડાં બાદ વિનાશકારી પૂરને કારણે અનેક શહેરોમાં વિનાશ વેરાયો છે. પૂરની સૌથી ખરાબ અસર ડેરના શહેરમાં જોવા મળી હતી જ્યાં અત્યાર સુધીમાં ૭૦૦ લોકો દફન જ થઈ ગયા છે. મૃત્યુઆંક પણ ઘણો વધારે હોઈ શકે છે કારણ કે ૧૦,૦૦૦થી વધુ લોકોના ગુમ હોવાના અહેવાલ મળી રહ્યાં છે. અહીં વરસાદ અને પૂરના કારણે ડેમ તૂટી પડ્યા અને આજુબાજુના તમામ વિસ્તારો તેની લપેટમાં આવી ગયા હતા. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ૫,૨૦૦ થી વધુ લોકોના મૃત્યુની આશંકા છે. પૂરની ભયાવહ સ્થિતિને કારણે બચાવ કામગીરી કરી રહેલી ટીમને મૃતદેહોને શોધવામાં મોટા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. લીબિયાની પૂર્વ સરકારના સ્વાસ્થ્યમંત્રી ઉસ્માન અબ્દુલ જલીલે જણાવ્યું હતું કે પરિસ્થિતિ ભયાવહ છે. ડેરના સ્થળની મુલાકાત દરમિયાન ઉસ્માન અબ્દુલ જલીલે કહ્યું કે શહેરની વિવિધ હોસ્પિટલોમાં મૃતદેહોના ખડકલાં સર્જાયા છે.

# બાળકોનું કુટેવોથી બચાવવા માના હાથનું ભોજન આપો

| તિરુવનંતપુરમ, તા.૧૩ |

મંગળવારે કેરલ હાઈકોર્ટ દ્વારા એક કેસની સુનવણી દરમ્યાન માંના હાથનું બનાવેલ ભોજનના વખાણ કરતા કહ્યું હતું કે, જો માતા પિતાએ તેમના બાળકોને કુટેવોથી બચાવવા હોય તો તેમને ઝોમેટો અને સ્વિગીમાંથી ઓર્ડર કરેલા ભોજનના બદલે માંના હાથનું બનાવેલું ભોજન આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમને કહ્યું કે ફિ ટાઈમમાં બાળકોને મેદાનમાં રમવા મોકલવા જોઈએ. જેના કારણે બાળકોને મોબાઈલની ટેવ નહિ પડે. હાઈકોર્ટની બેન્ચે કહ્યું હતું કે, સ્વિગી અને ઝોમેટો દ્વારા રેસ્ટોરાંમાંથી ખોરાક ખરીદવાને બદલે, બાળકોને તેમની માતા દ્વારા તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણવા દો અને બાળકોને રમતના મેદાનમાં રમવા દો, જયારે તેઓ રમીને પાછા આવે. ત્યારે તેમને માંના હાથથી બનેલા ભોજનનો ખુશ્બુ લેવા દો.

પોર્નોગ્રાફી સંબંધિત એક કેસની સુનવણી દરમ્યાન કેરલ હાઈકોર્ટના જસ્ટીસ પીવી કુન્હિક્રિષ્નને માતા પિતાને સલાહ આપી કે તેમને ઝોમેટો અને સ્વિગીમાંથી ઓર્ડર કરતા બચે. એક વ્યક્તિને રસ્તા પર ઉભા રહીને પોતાના મોબાઈલમાં પોર્ન જોવાના આરોપમાં પોલીસે પકડ્યો હતો, પરંતુ કોર્ટે આ મામલાની સુનવણી કરતી વખતે તેના વિરુદ્ધના આરોપને ખારીજ કર્યા હતા. હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે, પોર્નોગ્રાફી ખાનગીમાં જોવી, તેને શેર કર્યા વિના અથવા અન્યને દર્શાવ્યા વિના, એ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૨ હેઠળ ગુનો ગણવામાં આવશે નહીં. જસ્ટિસ પીવી કુન્હિક્રિષ્નને મોબાઈલ પર ખાનગીમાં પોર્ન વીડિયો જોવાને ગોપનીયતાના અધિકાર તરીકે ગણાવ્યા હોવા છતાં, તેમણે તમામ માતા-પિતાને તેમના બાળકો પર નજર રાખવાનું પણ સૂચન કર્યું હતું.

## તંત્રી લેખ...

# રૂપિયા વગરનો વ્યવહાર દુનિયા બદલાવી શકશે?

બદલાવ એ સમયની માંગ છે. જો સમય સાથે તાલ મેળવવા બદલાવ ન કરવામાં આવે તો પતનના શ્રી ગણેશ થઈ જ જાય છે. જેને ધ્યાને લઈને માનવજાતિએ પણ ઘણા પરિવર્તન કર્યા છે. એક સમય એવો હતો કે તેમાં વસ્તુના બદલામાં વસ્તુ મળતી હતી. અને હવે દુનિયા ક્યાંની ક્યાં પહોંચી ગઈ છે. હવે ડિજિટલ કરન્સીનો જમાનો આવી ગયો છે. માણસને ક્યાંય પણ પૈસા સાથે રાખવાની જરૂર જ પડતી નથી. આમ માણસે પોતાની સરળતા માટે અનેકવિધ નવા નવા વિનિમયના પ્રકારો શોધી કાઢવાની કુચ ચાલુ જ રાખી છે. શરૂઆતના તબક્કે જ્યારે વિનિમય વ્યવસ્થા શરૂ થઈ ત્યારે લોકોએ બાર્ટર અપનાવ્યું હતું. સામાજિક વ્યવસ્થા પ્રમાણે જે લોકો જે વસ્તુનો વ્યાપાર કરતા હોય તે વસ્તું જરૂરિયાતની વસ્તુ મેળવવા માટે એક્સચેન્જ કરતા હતા. પછી એક્સચેન્જમાં ગૌધનનું ચલણ આવ્યું હતું. જેમાં વસ્તુના બદલામાં ગૌ ધન આપવામાં આવતું હતું. પણ ગૌ ધન એક જીવ હોય ક્યારેક ગૌ ધન મેળવ્યા બાદ જો તેનું મોત નિપજે તો ખોટનો મોટો ખાડો પડી જાય. ત્યારબાદ એક્સચેન્જમાં સોના ચાંદીનું ચલણ આવ્યું હતું. જે ખૂબ પ્રચલિત થયું હતું. રજવાડા વખતે પણ શરૂઆતમાં સોના-ચાંદીની કરન્સી અપનાવવામાં આવી હતી. ત્યારબાદ કરન્સીનું ચલણ આવ્યું હતું. જેમાં રૂપિયો આવ્યો ત્યારથી માણસ રૂપિયાવાળો કહેવાવા લાગ્યો હતો. હાલ સુધી કરન્સીનું ચલણ યથાવત રહ્યું છે. જ્યારે હવે પ્લાસ્ટિક કરન્સી પણ ધૂમ મચાવી રહી છે. જેમાં ડેબિટ કાર્ડ- ક્રેડિટ કાર્ડનો સમાવેશ થાય છે. હવે જેની શરૂઆત થઈ છે તે આવતા દિવસનું ચલણ એટલે આર્ટિફિશિયલ કરન્સી ક્રિપ્ટોકરન્સી. જે આવનાર સમયમાં ખૂબ ચલણમાં આવવાની છે. હવે ભવિષ્યમાં રોકડની લેતી દેતી કરવી નહીં પડે તે પણ નિશ્ચિત છે. આ ઉપરાંત બીજી બાજુ ડિમેટ એકાઉન્ટ આવી ગયા એટલે ફિઝિકલ શેરનો જમાનો પણ ચાલ્યો ગયો. હાલના સમયમાં ક્રિપ્ટોકરન્સીનો ક્રેઝ વધ્યો છે. ફિઝિકલની જગ્યાએ ડિજિટલ કરન્સી તરફ મોટાભાગના દેશો વળ્યાં છે. જેમાંથી ભારત પણ બાકાત નથી. ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બેઠેપ ફિલ્મી ગીતની જેમ ભારતે પણ ના ના કરતા ડિજિટલ કરન્સી તરફનો રૂખ અપનાવી લીધો છે. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ આ અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું અને આરબીઆઈ પોતાની ડિજિટલ કરન્સી અમલમાં મૂકશે તેવા સંકેતો આપ્યા હતા. આજના ડિજીટલાઈઝેશનના યુગમાં આ જરૂરી પણ છે તો સામે તેની નકારાત્મક અસરો પણ છે. ડિજિટલ સેવાઓનો વ્યાપ વિસ્તાર વધ્યો તો છે પણ આ સાથે તેની સામે સાયબર સુરક્ષાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. હેકિંગના બનાવ વધ્યા છે. જો બેંકો રૂપિયા વગરની થઈ જાય એટલે કે બેકિંગ સુવિધા સંપૂર્ણપણે ડિજિટલી જ બની જાય તો એ સારું તો છે જ પણ આ સાથે ડિજિટલ નાણાં ચોરાવાના કે હેકિંગનો ખતરો પણ સામે એટલો જ છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા- ૨૮
# વૈધનાથેશ્વર જ્યોતિર્લિંગનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ધરતીપુત્રોની આકાશ તરફની મીટ મેઘરાજાની ઈન્તજારમાં શ્રાવણ માસ સાવ કોરો ધાકોર ગયો. દુષ્કાળમાં અધિક માસ રહયો એકસો વર્ષ પછી આ સ્થિતિ જોવા મળી.ભક્તિ ભાવના સાથે વિષ્ણું ભગવાન અને દેવાધિ દેવ મહાદેવની ઉપાસના આરાધનામાં બે મહીના પસાર થઈ ગયા.આ વર્ષે હવામાન શાસ્ત્રીઓની આગાહીઓ ખોટી પડી. હવે શું? આપણે છેલ્લા અઠઠ્યાવીસ દિવસથી શ્રાવણ માસમાં શિવ મહિમા રજૂ કરી રહયા છીએ. બે અમાસ છે આજે નહી આવતી કાલે છેલ્લો દિવસ હવન પૂજન સાથે શ્રાવણ માસ પૂરો સંપન્ન થશે. ત્યારે આજે આપણે વૈધનાથેશ્વર જ્યોતિર્લિંગનો મહિમા જાણીએ.

રાવણે કૈલાસ પર જઈ ભોળાનાથ નું આરાધન કરી ઘણા સમય સુધી તપ કર્યું, પરંતુ શિવ પ્રસન્ન ન થતાં તેણે હિમાલય પર્વત ની જમણી બાજુએ એક ખાડો કરી, અગ્નિનું સ્થાપન કરીને તપ કરવા માંડ્યું. તેણે ઉનાળામાં પંચાગ્નિ વચ્ચે રહી, શિયાળામાં જળ વચ્ચે આરૂઢ થઈ તેમજ ચોમાસામાં ભૂમિશયન કરી તપ કર્યું. છતાં શિવ પ્રકટ ન થવાથી એણે પોતાનાં મસ્તકો કાપીને અગ્નિમાં હોમી દીધાં. જ્યારે એક માથું બાકી રહ્યું ત્યારે ભોળાનાથ પ્રકટ થયા.પ્રભુ એ તેનાં બધાં માથાં એમને એમ પાછાં દીધાં અને ઉત્તમ બળ પ્રદાન કર્યું.શિવે તેને વર માગવા કહ્યું ત્યારે તેણે પ્રભુને કહ્યું : "હું આપને લંકા લઈ જવા માગું છું,આપ મારી ઈચ્છા પૂરી કરો."

રાવણના આ વરથી ભોળાનાથ ઉદાસ થયા. તેમણે રાવણને એક લિંગ આપ્યું અને કહ્યું :"આ ઉત્તમ લિંગ છે. તેને તું તારા ઘરે લઈ જા. તું એને જ્યાં મૂકીશ ત્યાં સ્થિર થઈ જશે. પછી તું ઈચ્છીશ તેમ થશે."રાવણ લિંગ લઈ પોતાના નિવાસ તરફ ચાલ્યો. રસ્તામાં ભોળાનાથની માયાના કારણે તેને મૂત્રત્યાગની ઈચ્છા થતાં તેણે તે લિંગ એક ગોવાળિયા ના હાથમાં આપ્યું. ગોવાળિયો લિંગ પકડીને ઊભો રહ્યો.લિંગનો અતિશય ભાર લાગતાં ગોવાળિયાએ અકળાઈને તે લિંગ નીચે મૂકી દીધું અને તે ત્યાં સ્થિર બની ગયું.આ લિંગ સર્વ કામના સિદ્ધ કરનારું ઉત્તમ જ્યોતિર્લિંગ છે. તે સ્થળે બધા દેવો તથા વિષ્ણુ-બ્રહ્મા આવ્યા, તેમણે શિવલિંગની પૂજા કરી. તેને 'વૈદ્યનાથ' નામથી જાહેર કરીને સ્તુતિ કરી.

રાવણ શિવલિંગ વગર પોતાના નિવાસે ગયો. તેણે સઘળી હકીકત પત્નીને જણાવી.ભોળાનાથે પોતાને અતુલ બળ આપ્યું તે બદલ તે ખૂબ જ ખુશ થયેલો જણાયો દેવોએ આ વાત જાણી, તેથી તેઓ ખૂબ જ દુઃખી થયા. તેમણે દેવર્ષિ નારદને તેડાવ્યા અને રાવણને મળેલા અતુલ બળ વિશે જણાવ્યું. નારદજી દેવોના દુઃખનો નાશ કરવા માટે રાવણના ઘરે ગયા અને રાવણે કરેલા તપનો વૃત્તાંત સાંભળવાની ઈચ્છા જાગૃત કરી. રાવણે અભિમાનમાં આવી સઘળી હકીકત કહી સંભળાવી અને ભોળાનાથે મને અતુલ બળ આપ્યું તે પણ જણાવ્યું.વળી તેણે કહ્યું : "તે શિવલિંગ સ્થિર થયું છે તે વૈદ્યનાથેશ્વરના નામે પ્રસિદ્ધ થયું છે. હવે હું તેનું પૂજન કરીને ત્રણે જગતને જીતી લઈશ."

તેના આ વચનથી દેવર્ષિ નારદ મૂંઝાયા. તેમણે કહ્યું : "હે રાવણ ! ભોળાનાથના વર પ્રમાણે તું ખરેખર બળ પામ્યો હોય તો કૈલાસ પર્વત ઉપાડી જો.તે ઉપાડી શકાય તો માનવું કે ભોળાનાથનો વર સાચો છે." નારદજીની વાતથી મોહિત બનેલો રાવણ કૈલાસ તરફ ગયો અને કૈલાસ પર્વતને ઉપાડ્યો તે શિવજી પોતે "શું બન્યું ? કેમ બન્યું ?' એમ બોલી ઊઠ્યા. વખતે કેલાસ પર્વત પર રહેલું સઘળું અસ્તવ્યસ્ત થઈ ગયું. પાર્વતીજી હસ્યાં. તેમણે શંભુને કહ્યું : 'ઉત્તમ શિષ્યનું ફળ છે,તમે શિષ્યને અતુલ બળ આપ્યું છે,તો શું થાય ?"પાર્વતીનું વચન સાંભળી શિવજીએ રાવણ ને કૃતઘ્ન માન્યો અને શાપ દીધો : "હે દુષ્ટ રાવણ ! તું અભિમાન ન કર. આ લોકમાં તારા ગર્વનો નાશ કરનાર વીર જરૂર ઉત્પન્ન થશે."નારદજીએ આ સઘળું સાંભળી લીધું.રાવણ ત્યાં થી પ્રસન્ન- ચિત્તે લંકા ચાલ્યો ગયો. તેને પોતાના બળની પાકી ખાતરી થઈ ગઈ. તેણે શત્રુઓનો નાશ કરીને જગતને વશ કર્યું. એની સામે ટક્કર લેનાર ત્યારે જગતમાં કોઈ યોદ્ધો હતો નહિ.

વાચક ચાહક શિવ ભક્તો આજે શ્રાવણ વદ અમાસ આપણે શિવ મહિમા ગુણગાન કરી રહયા છીએ. મેઘરાજા મહેરબાની કરે તેવી સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિ દેવ મહાદેવને પ્રાર્થના સાથે સૌનું કલ્યાણ કરે સદા શિવ. અસ્તુ.

# શું તમને ખબર છે સુરજનો પાવર?



સૂર્ય શક્તિનો મુખ્ય સ્ત્રોત અને બ્રહ્માંડનું પાવર સ્ટેશન ગણાય છે. સૂર્ય વગર જીવન શક્ય નથી. શક્તિના સ્ત્રોતનો હવે આર્થિક આધાર તરીકે ઉપયોગ કરવાની દિશામાં દુનિયાથી એક ડગલુ આગળ આપણે નિકળી ગયા છીએ. આધુનિક વિશ્ર્વમાં ઉર્જા આર્થિક ઉપાર્જનના રૂપમાં વિનીમયનું મુખ્ય કેન્દ્ર બની છે તેવા સંજોગોમાં સૂર્ય ઉર્જાનો ઉપયોગ કરીને સમૃધ્ધી અંકે કરવાની દિશામાં ખુબજ અસરકારક રીતે પ્રયત્નો શરૂ થયા છે ત્યારે સૂર્યના પાવરને દેશના વિકાસ દર સાથે જોડવામાં આવી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગના નકારાત્મક પરિબળને દૂર કરવામાં અબજો રૂપિયા વાપરવાની નોબતની આફતને અવસરમાં પલટાવવા માટે સૂર્યને વધારે જગમગાવવામાં આવશે. સૂર્ય ઉર્જાના ઉપયોગ થકી ૩૦૦ કરોડ ટન કાર્બન ડાયોકસાઈડના ઘટાડા થકી ભારતના વૃદ્ધિદરમાં વધારાના ત્રીજા ભાગનું લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે સરકારનો ગ્રીન ટાર્ગેટ બિનપરંપરાગત ઉર્જાના માધ્યમથી પર્યાવરણને સુરક્ષીત કરવાની સાથે સાથે અર્થતંત્રને વેગવાન બનાવવામાં આવશે. વીજળીનું ઉત્પાદન કરવા માટે હાઈડ્રો પાવર પ્લાન્ટની જગ્યા સૂર્યની શક્તિનો ઉપયોગ કરી સોલાર પાવર પ્લાન્ટની કાર્ય ક્ષમતા વધારીને વાતાવરણમાં વધતું કાર્બન ડાયોકસાઈડ ઘટાડવાની દિશામાં જે રીતે કામ થઈ રહ્યું છે તેમાં ૩૦૦ કરોડ ટન કાર્બન ડાયોકસાઈડનું ઘટાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મહાકાય માત્રામાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટાડવા માટે અબજો ડોલરનો ખર્ચ થાય તેની સામે સૂર્ય શક્તિને કામે લગાવી ઉર્જાનું ઉત્પાદન કરવામાં આવે તો વિદ્યુત બનાવવા માટે જે રીતે કાર્બન એમિશન વાતાવરણમાં મુક્ત થાય છે તેને નિયંત્રણમાં લાગવી શકાય. પેરીસમાં મળેલી ગ્લોબલ સમીટમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્ર્વ સમાજ સમક્ષ એક સુઝાવ મુક્યો હતો કે દરેક જવાબદાર રાષ્ટ્ર પોતાના પર્યાવરણમાં ૧ થી લઈ ૩ ડિગ્રી સે. જેટલું તાપમાન ઘટાડે તો ગ્લોબલ વોર્મિંગની સમસ્યા કાબુમાં આવે. જગતમાં હવે કાર્બન એમિશન ઘટાડવાનો મોટો પડકાર ઉભો થયો છે. ભારતે કાર્બન એમિશનના ઘટાડા માટે સૂર્ય ઉર્જાને કામે લગાડવાનો ઉપાય સિધ્ધ કર્યો છે. ૩૦૦ કરોડ ટન કાર્બન ડાયોકસાઈડનું સ્તર નીચે લાવવાનું સફળતા મળી જાય તો જીડીપીના ત્રીજા હિસ્સા જેટલી બચત થઈ જાય. સૂર્ય શક્તિનો ઉપયોગ માટે જીવસૃષ્ટિ અને ખેતી તેમજ વનસ્પતિના સંચરણ, વિસ્તરણ માટે કુદરતી રીતે કરવાની સાથે સાથે સૂર્ય ઉર્જા થકી વીજળી ઉત્પન્ન કરવામાં આવે તો એક પંથ અને અનેક કાજ જેવા હેતુ સીધ્ધ થશે. સૂર્યને શક્તિનું પ્રતિક માનવામાં આવે છે. વૈદ્યપુરાણ અને શાસ્ત્રોમાં સદીઓ પહેલા સૂર્ય શક્તિના માનવ કલ્યાણ ઉપયોગના વિવિધ રસ્તાઓ બતાવવામાં આવ્યા હતા. સૂર્ય શક્તિનો કલ્યાણના રસ્તે ઉપયોગ થઈ શકે તે ભારત અને ભારતીય સંસ્કૃતિથી વધુ કોણ સમજી શકે.

**શીર્ષક : શિવાલયનો મહિમા**

# મહારાષ્ટ્રના ઔરંગાબાદ નજીક આવેલું આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઇલોરાની ગુફાઓની એકદમ નજીક આવેલું છે



લેખક : ફાલ્ગુની વસાવડા

**શ્રાવણ ના આ અંતિમ દિવસે આપણે પણ જ્યોતિર્લિંગ સ્વરૂપે આત્મલિંગને મંદિરમાં સ્થાપના કરી, અને કાયમ શ્રાવણ જેવો ભક્તિભાવ મનમાં ધરી તેને આરાધી એ તો ભગવાન શિવ શંકર ક્યારેય ત્યાંથી જશે નહીં, અને મન ચંગા તો કથરોટમેં ગંગા, એની જેમ આપણે આ ભક્તિ ભાવથી શિવ ને રોજ આરાધી શકીશું**

હે ઈશ્વર.

આજે શ્રાવણનો છેલ્લો દિવસ એટલે કે શ્રાવણ વદ અમાસ છે, એટલે બે અમાસ છે. ઓમ નમઃ શિવાયની ગૂંજથી ગાજતા શિવાલયો હવે શાંત થઈ જશે. શ્રાવણિયા અનુષ્ઠાનની અભિષેકની ધારા શિવલિંગ પર હવે નહીં થાય. બધાના વ્રત ઉપવાસ એક ટાણા પણ પૂર્ણ થશે. વળી પાછા ભક્તો આવતા શ્રાવણ માસની રાહ આજથી જ જોવા લાગશે, એટલે શિવ શંકરને ભજવા માટે શ્રાવણ હોવો જરૂરી નથી. પરંતુ શ્રાવણમાં ભગવાન શંકર શિવાલયના શિવલિંગમાં બિરાજમાન થાય છે, એવી લોકવાયકાને કારણે લોકોમાં શ્રાવણની ભક્તિનું વિશેષ મહત્વ છે, અને તેથી જ ઘણી જગ્યાએ તો અમાસના મેળાનું પણ આયોજન થાય છે. આ શ્રાવણ મહિનાની અમાસ પણ જ્યોતિષ વિજ્ઞાન અનુસાર શિવલિંગ પર અમુક પ્રકારના દ્રવ્યોથી અભિષેક કરવાથી ધાર્યુ પરિણામ પણ મળે છે, એવી વાત પણ જાણવા મળી છે. શ્રાવણ મહિનો બાળકોથી માંડીને વડીલો સુધી સૌને પ્રિય માસ છે. આ મહિનામાં તહેવારો પણ ઘણા આવે છે, એટલે પરિવારમાં પણ ઉત્સવનો માહોલ સર્જાયેલો રહે છે. ભારત આખામાં બાર જ્યોતિર્લિંગ આવેલા છે અને એમાંના ૧૧ જ્યોતિર્લિંગ વિશે આપણે વાત કરી. દરેકમાં જુદી-જુદી પૌરાણિક કથાઓ જોડાયેલી છે, ત્યાં દેવતા દૈત્ય કે પછી અન્યને કારણે ભગવાન પ્રગટ થયા છે. પરંતુ બ્રાહ્મણત્વનાં ધર્મને અખંડ રાખવા માટે પણ ભગવાન પ્રગટ થયાં હતાં. ભારતનું બારમું જ્યોતિર્લિંગ એટલે ધૂસમેશ્વર કે ધૂષ્ણેશ્વરનું જ્યોતિર્લિંગ વિષે વાત કરીશું. જ્યોતિર્લિંગ'ને શિવનું સર્વોચ્ચ સ્વરૂપ માનવામાં આવે છે, અને તેને તેમાંથી ભિન્ન ન કરી શકાય એવું સત્ય માનવામાં આવે છે, કારણકે એમાં શિવનો અંશ રહેલો હોય છે. આ જ્યોતિર્લિંગ એવા સ્થળો છે જ્યાં ભગવાન શંકર દિવ્ય જ્યોતી સ્વરૂપે પ્રગટ થયા હતાં. એમ માનવામાં આવે છે કે શરૂઆતમાં ૬૪ જ્યોતિર્લિંગ હતાં. તેમાંના ૧૨ને અત્યંત પવિત્ર અને શુકનવંતા માનવામાં આવે છે. દરેક જ્યોતિર્લિંગનું તેના અધિપતી દેવ પ્રમાણે નામકરણ કરાયું છે, તે દરેક શિવના જ વિવિધ સ્વરૂપો છે. આ દરેક દેવસ્થાનની મૂળ મૂર્તિ એ એક લિંગ છે, જે એક અનંત સ્તંભનું ચિન્હ છે, જે અનંત અને વિશાળ એવા શિવજીને દર્શાવે છે. આ બાર જ્યોતિર્લિંગ અનુક્રમે ગુજરાતમાં સોમનાથ, શ્રીસૈલમ મલ્લિકાર્જુન આંધ્ર પ્રદેશમાં ઉજ્જૈન (મધ્ય પ્રદેશ)માં મહાકાલેશ્વર, મધ્ય પ્રદેશમાં ઓમકારેશ્વર, હિમાલયમાં કેદારેશ્વર, મહારાષ્ટ્રમાં ભીમાશંકર, વારાણસી ઉત્તર પ્રદેશમાં વિશ્વેશ્વર, મહારાષ્ટ્રમાં ત્ર્યંબકેશ્વર, ઝારખંડના દેવગઢમાં વૈદ્યનાથ, ગુજરાતનાં દ્વારકામાં નાગેશ્વર, તમિલનાડુમાં રામેશ્વરમ અને મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ઘૃષ્ણેશ્વર. ઘૃષ્ણેશ્વર કે ઘુષ્મેશ્વર, એ ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ છે. આ મંદિર ભારતમાં આવેલા મહારાષ્ટ્ર રાજ્યના ઔરંગાબાદ નજીક આવેલા શહેર દૌલતાબાદથી ૧૧ કિમી દૂર અવેલું છે. આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઈલોરાની ગુફાઓ નજીક આવેલું છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર આ જ્યોતિર્લિંગ પાછળ પણ એક દંતકથા છે.ધૂશ્મેશ્વર શિવલિંગ ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. શિવ પુરાણમાં પણ તેનું વર્ણન છે. અહીં ભગવાન શિવ પોતે પ્રગટ થયાં, અને તેમના ભક્તના મૃત પુત્રને જીવન આપ્યું. આ સાથે, તેમને અહીં પ્રગટ સ્વરૂપે બેસવાનું વરદાન પણ આપવામાં આવ્યું હતું. ઘુશ્મેશ્વર જ્યોતિર્લિંગની કથા આ મુજબ છે. શિવ પુરાણમાં જણાવવામાં આવ્યું છે કે દેવગિરિ પર્વત પાસે સુધર્મા નામના ખૂબ તેજસ્વી તપોનિષ્ઠ બ્રાહ્મણ રહેતા હતા. તેની પત્નીનું નામ સુદેહા હતું, બંનેને એકબીજા પ્રત્યે ઘણો પ્રેમ હતો. તેને કોઈ પણ પ્રકારની તકલીફ ન હતી. પરંતુ તેમને કોઈ સંતાન નહોતું. સુદેહા સંતાન માટે ખૂબ જ ઉત્સુક હતી. આથી તેણે સુધર્માને તેની નાની બહેન સાથે પુનર્લગ્ન માટે વિનંતી કરી. પત્નીના આગ્રહ સામે સુધર્માને નમવું પડ્યું. તેઓ તેની વિનંતીને ટાળી શક્યા નહીં. તેણે તેની પત્નીની નાની બહેન ધૂષ્મા સાથે લગ્ન કર્યા અને તેને ઘરે લાવ્યા.ધૂષ્મા ખૂબ જ નમ્ર અને સદાચારી સ્ત્રી હતી.તે ભગવાન શિવની વિશિષ્ટ ભક્ત હતી. તે દરરોજ એકસો એક ધરતીની માટીનું શિવલિંગ બનાવતી અને સાચા દિલથી તેની પૂજા કરતી.થોડા દિવસો પછી, ભગવાન શિવની કૃપ ાથી, તેના ગર્ભથી એક ખૂબ જ સુંદર અને સ્વસ્થ બાળકનો જન્મ થયો. બાળકના જન્મ સાથે, સુદેહ અને ઘુષ્મા બંને આનંદથી આગળ વધ્યા નહીં. બંનેનાં દિવસ સરળતાથી પસાર થઈ રહ્યા હતા,તેમનો પુત્ર પણ હવે યુવાન થઈ ગયો હતો, અને તેના પણ લગ્ન થઈ ચૂક્યા હતાં. પરંતુ ખબર નહીં કેમ કે કેવી રીતે, થોડા દિવસો પછી, સુદેહના મનમાં એક ખરાબ વિચાર જન્મ્યો. તે વિચારવા લાગી, મારી પાસે આ ઘરમાં પોતાનું કહી શકાય એવું કંઈ નથી,બધું ઘુષ્માનું છે. આ વિચાર તેને સતત આવતા સુદેહાના મનના આ તોફાની વિચારનાં રોપાએ વિશાળ વૃક્ષનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. છેવટે એક દિવસ તેણે રાત્રે સૂતી વખતે ધૂષ્માના યુવાન પુત્રની હત્યા કરી. તેનો મૃતદેહ લઈને તેણે તે જ તળાવમાં ફેંકી દીધો, જેમાં ધૂષ્મા દરરોજ ધરતીનું શિવલિંગ વહેવડાવતી હતી. હત્યાના સમાચાર સાંભળીને, સુધર્મા અને તેની પુત્રવધૂ બંનેએ માથું પછાડી પછાડીને રડવાનું શરૂ કર્યું.પણ ધૂષ્મા રાબેતા મુજબ ભગવાન શિવની આરાધનામાં મગ્ન હતી,જાણે કશું થયું નથી. પૂજા સમાપ્ત કર્યા પછી, તે તળાવમાં ધરતીનું શિવલિંગ છોડવા ગઈ,જ્યારે તે તળાવમાંથી પરત ફરવા લાગી, ત્યારે તેનો પ્રિય પુત્ર કે લાલ તળાવની અંદરથી બહાર આવતો દેખાયો.તે હંમેશની જેમ આવ્યો અને ધૂષ્માના પગે પડ્યો,જાણે ક્યાંક નજીકથી આવી રહ્યો હોય.તે જ સમયે ભગવાન શિવ પણ ત્યાં દેખાયાં, અને ધૂષ્માને વરદાન માંગવાનું કહ્યું. તે સુદેહાના જઘન્ય કૃત્યથી ખૂબ જ ગુસ્સે હતા.તે પોતાના ત્રિશૂળથી ગળું કાપવા આતુર દેખાતા હતા.ધૂષ્માએ હાથ જોડીને ભગવાન શિવને કહ્યું- 'પ્રભુ! જો તમે મારાથી ખુશ છો, તો મારી તે કમનસીબ બહેનને માફ કરો. ચોક્કસ તેણે ઘણું જઘન્ય પાપ કર્યું છે, પણ તમારી દયાથી મને મારો દીકરો પાછો મળ્યો. હવે તેને માફ કરો પ્રભુ!

મારી એક વધુ પ્રાર્થના છે, લોકોના કલ્યાણ માટે, તમારે આ સ્થળે કાયમ રહેવું જોઈએ.ભગવાન શિવે તેમની આ બંને વસ્તુઓ સ્વીકારી, અને તે જ્યોતિર્લિંગના રૂપમાં દેખાયા, તેમણે ત્યાં રહેવાનું શરૂ કર્યું. સતી શિવ ભક્ત ધૂષ્માની આરાધના ને કારણે તેઓ અહીં પ્રગટ થયા હોવાથી ધૂશ્મેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત થયા. ઘુશ્મેશ્વર-જ્યોતિર્લિંગનો મહિમા પુરાણોમાં ખૂબ વિગતવાર વર્ણવવામાં આવ્યો છે. તેમનું દર્શન વિશ્વ અને પરલોક બંને માટે અવિરત ફળદાયી છે. એક લોક વાયકા મુજબ રાજસ્થાનના શિવદમાં ઘુશ્મેશ્વર જ્યોતિર્લિંગ પણ છે, રાજસ્થાનના શિવદમાં શિવલિંગને ઘુશ્મેશ્વર જ્યોતિર્લિંગ પણ માનવામાં આવે છે. ભક્તોના મતે મહારાષ્ટ્રનું ઘુમેશ્વર જ્યોતિર્લિંગ મૂળ નથી, પરંતુ મૂળ જ્યોતિર્લિંગની સ્થાપના રાજસ્થાન રાજ્યના શિવદમાં કરવામાં આવી છે. તેની પુષ્ટિ કરવા માટે, તેમણે શિવ પુરાણમાં આપેલી હકીકતો ટાંકી. તેમના મતે શિવ પુરાણમાં વર્ણવેલ દેવગિરિ પર્વત મહારાષ્ટ્રમાં નથી. પુરાણમાં ઉલ્લેખિત તળાવ આજે પણ શિવાલયના નામથી શિવ મંદિર પાસે છે. જ્યાં ખોદકામ દરમિયાન ઘણા શિવલિંગો મળી આવ્યા હતાં, જે દંતકથા અનુસાર ઘુષ્મા પૂજા બાદ તળાવમાં વહેતા હતાં, જ્યારે મહારાષ્ટ્રના ઘુમેશ્વર મંદિર પાસેના પૂલમાં કોઈ શિવલિંગ મળ્યું ન હતું. મતમતાંતર છે,જખ હોય તે, પણ ઘૃષ્ણેશ્વર મંદિરનું પુનઃનિર્માણ ૧૬મી સદીમાં વેરુળના માલોજી રાજે ભોંસલે એટલે કે શિવાજીના દાદાજી દ્વારા કરવામાં આવ્યું અને ત્યાર બાદ ૧૮મી સદીમાં અહિલ્યાબાઈ હોળકર દ્વારા તેનું પુનઃનિર્માણ કરાયું છે., અને તે મહારાષ્ટ્ર ના વતની હતા. અહીલ્યાબાઈએ બનારસના કાશીવિશ્વનાથ મંદિર અને ગયાના વિષ્ણુપુર મંદિરનું પણ પુનર્નિર્માણ કરાવ્યું હતું. આજ સુધી એટલે કે શ્રાવણ સુદ એકમથી અમાસ સુધી આપણે હિન્દુ વિવિધ શિવાલય વિષે વાત કરી દરેકની કોઈને કોઈ ખાસિયત પણ જાણે પરંતુ ભગવાન શંકર ને શિવલિંગ સ્વરૂપે આપણે એક જગ્યાએ કાયમ સ્થાપી એ તો કંઈક વધુ સારું પરિણામ મેળવી શકાય.. તો બોલો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ.

# કયા દેશની કેરી સારી, ભારતની કે પાકિસ્તાનની?



ભારતના મલીહાબાદની કે પાકિસ્તાનના શહેર મુલતાનની, કઈ કેરી શ્રેષ્ઠ છે? આ સવાલ વિદેશમાં રહેતા લોકો માટે જેમ 'વિરાટ કોહલી શ્રેષ્ઠ છે કે બાબર આઝમ' જેવી ચર્ચામાં બદલાઈ જાય છે. દક્ષિણ એશિયાના આ બંને દેશ કેરી માટે જાણીતા છે. દુનિયાની ૪૦ ટકા કેરી ભારતમાં થાય છે, પરંતુ નિકાસની દૃષ્ટિએ પાકિસ્તાન અને ભારત લગભગ સરખા છે. એવામાં ફળોનો રાજા કહેવાતા આ ફળની ખેતી વિશે ભારત અને પાકિસ્તાન બંનેમાંથી કોણ આગળ છે, આ ચર્ચામાં પડતા પહેલાં અમે બંને દેશના ખેડૂતો સાથે વાત કરીને જાણવાનો પ્રયાસ કર્યો કે તેમની કેરી કેમ ખાસ છે. કેરી પ્રત્યેના તેમના પ્રેમ અંગે જાણીતા શાયર મિર્ઝા ગાલિબે એક વાર કહ્યું હતું કે કેરીમાં માત્ર બે ખૂબી હોવી જોઈએ, એક તો તેની મીઠાશ અને તેની માત્રા વધુ હોવી જોઈએ. જોકે ભારતના 'મૅન્ગોમૅન' કલીમુલ્લાહ ખાન આમાં ઉમેરો કરે છે કે, "તેની ઘણી બધી જાતો પણ હોવી જોઈએ", કારણ કે મલીહાબાદમાં તે આ કારણથી જ મશહૂર છે. કેરીની અલગ-અલગ જાત ઉછેરવા માટે જાણીતા કલીમુલ્લાહ ખાન કહે છે કે, ચૌસા, દશેરી અને લંગડો જેવી મશહૂર કેરીઓ સિવાય પણ કેરીની એક દુનિયા છે. તેઓ કેરીઓનાં નામ ગણાવે છે, 'ખાસુલખાસ, ગુલાબખાસ, શમસુલ અસમાર, બદરુલ અસમાર, મહમુદુલ અસમાર, અમીન કલા, અમીન ખુર્દ, સોરખા ખાલિસપુર, સોરખા મુર્શિદાબાદ, સોરખા શાહાબાદ, કચ્છ મીઠા, ગોલ ભદૈયાં, રામકેલા, ફજરી, હુસ્નઆરા, રતૌલ, જરદાલુ, બેગમપસંદ, બીજી તરફ પાકિસ્તાનના શહેર મુલતાનના ખેડૂત સોહેલ ખાન બાબર મજાક કરતા કહે છે કે મુલતાનના લોકો સાથે લોકો મિત્રતા જ એ માટે કરે છે, કારણ કે અહીંની કેરી મશહૂર છે. આવો, પહેલા મલીહાબાદ જઈએ અને ભારતની કેરી વિશે 'મૅન્ગોમૅન' પાસેથી જાણીએ. કેરીની ૩૦૦થી વધુ જાત ધરાવતો આંબો બદલાઈ રહેલા વાતાવરણ પછી ઉત્તર પ્રદેશના મલીહાબાદમાં પડેલા વરસાદે 'મૅન્ગોમૅન' કલીમુલ્લાહ ખાનના ચહેરા પર ખુશી લાવી દીધી છે. પરંપરાગત રીતે આંબા માટે પ્રખ્યાત આ પ્રદેશમાં આ વર્ષે અસામાન્ય ગરમી પડી, ગરમીમાં અસામાન્ય રીતે ઠંડી આવી અને આ દરમિયાન અકાળે વરસાદ પડવાથી કેરીના ઉત્પાદન પર ખરાબ અસર પડી. કલીમુલ્લાહ કહે છે કે, "૧૯૧૯માં મલીહાબાદમાં કેરીની ૧૩૦૦ જાત હતી, પરંતુ હવે સમગ્ર ઉત્તર પ્રદેશમાં લગભગ ૬૦૦ જાત પણ નથી બચી અને આ આંકડો ઘટી રહ્યો છે."

# કેન્સર સહિત અઢળક બીમારીઓ કરશે દૂર, વાળને સફેદ થવા દેશે નહીં આ છોડના ફળ

હરડેમાં લેક્સટીવ ગુણ હોય છે જેને કારણે શરીરની વધારાની ચરબી આપમેળે પીગળીને બહાર નીકળી જાય છે અને વજન ને સંતુલિત રાખી શકાય છે. ૬ ગ્રામ હરડેના પાવડરને ૧ ગ્લાસ પાણી માં ઉકાળી લો. જયારે પાણી અડધું રહે એટલે ગેસ પરથી ઉતારીલો. ઠંડુ થઈ જાય એટલે તેમાં એક ચમચી મધ નાખીને દરરોજ ભૂખ્યા પેટે પીવો. રિસર્ચમાં જણાવ્યા અનુસાર હરડેમાં જે ફેનોલિક્સ કંપાઉડ જોવા મળે છે. તે એન્ટીકાર્સિનોઝેનિક હોય છે એટલે કે તે કેન્સર કોશિકાઓને વધવા દેતું નથી. અધ્યયનમાં જણાવ્યા અનુસાર હરડેના ફળમાંથી કાઢવામાં આવેલા અર્કને જ્યારે કેન્સરથી પીડિત ઉંદરને આપવામાં આવ્યા તો બ્રેસ્ટ કેન્સરમાં જવાબદાર સેલ્સ ખતમ કરી દીધા. તો વળી અન્ય પ્રયોગમાં તે બોન કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરને પણ રોકવામાં સક્ષમ થઈ ગયું છે. હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. આ છોડનું નામ વૈજ્ઞાનિક નામ ટર્મિનાલિયા ચેબુલા છે. તેને અંગ્રેજીમાં માયરોબાલન કહેવાય છે. ભારતમાં તેનું નામ હરીતકી અથવા હરડે છે. પણ તેને કેટલાય અન્ય નામથી



ઓળખવામાં આવે છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે તેને લઈને દુનિયાના કેટલાય દેશોમાં તેને લઈને રિસર્ચ થયા છે. સાયન્સ ડાયરેક્ટ જર્નલના જણાવ્યા અનુસાર, ટર્મિનાલિયા ચેબુલા ફક્ત ભારત અને ઈરાનમાં જોવા મળે છે. આ બંને દેશોમાં આ છોડનો કેટલીય બીમારીમાં સદીઓથી ઉપયોગ થાય છે. મધ્યકાલીન યુગમાં હરીતકીને લઈને ઈરાનમાં કેટલાય રિસર્ચ થયા છે અને તેના કેટલાય ગુણો દુનિયાની સામે રજૂ કર્યા છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે, જો માણસ સીમિત માત્રામાં ઉપયોગ કરે તો, કેટલીય બીમારીથી મુક્ત થઈ જાય. તિબ્બતમાં હરીતકીને કિંગ ઓફ મેડિસીન કહેવાય છે. એનસીબીઆઈ જર્નલમાં છપાયેલ રિપોર્ટ અનુસાર, હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. કેટલાય રિસર્ચમાં જોવા મળ્યું છે કે, હરડેમાં એન્ટી ઓક્સીડેંટ્સ, એન્ટીઆઈક્રોબિયલ, એન્ટી ડાયબેટિક, હેપેપ્રોટેક્ટિવ, એન્ટી ઈંફ્લામેટરી, એન્ટીમુટાઝેનિક, એન્ટીપ્રોલિફેરેટિવ, રેડિયોપ્રોટેક્ટિવ, કાર્ડિયોપ્રોટેક્વિ, એન્ટીઅર્થરાઈટિસ, એન્ટીકેરિઝ, ગેસ્ટ્રોઈંટેસ્ટાઈનલ ઈફેક્ટિવનેસ વગેરે ગુણ છે. હરડેનું ચૂર્ણ પાચન સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરડેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે આંતરડાના લાઈનિંગને રાહત પહોંચાડે છે પેટની બીમારીઓ માટે આ ટોનિકની માફક કામ કરે છે. તે ડાયરિયા અને ઉલ્ટીમાંથી રાહત અપાવે છે. પેટમાં ભેજને સુકવી લે છે અને ભૂખ જગાડે છે. તેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે પાચન સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરેડને કોન્સ્ટિપેશનને પણ દૂર કરે છે. ત્યાં સુધી કે બવાસીરમાં થનારી બ્લીડિંગને પણ ઠીક કરે છે. કબજીયાતથી પીડાતી વ્યક્તિઓ એવા ઉપાયની શોધમાં રહે છે, જે નિયમિત લઈ શકાય. જે લેવાથી પેટ સવારે એક વખત સાફ થઈ જાય અને આંતરડાને નુકશાન ન થાય. કબજીયાત મટાડવા માટે અનેક ઔષધો બજારમાં ઉપલબ્ધ હોય છે.

# તમે કેળાની છાલ ખાવ છો કે નહીં? ફેંકી ન દેતા

આપણા વડીલો હંમેશાથી કહેતા આવ્યા છે કે ફળોને હંમેશા એમની છાલ સાથે જ ખાવા જોઈએ, પરંતુ આપણામાંથી કેટલા લોકો એમની વાતને માનતા હશે તે તો આપ જાણોજ છો. તેમાંય કેળાની વાત આવે તો તો છાલ ખાવાનો કોઈ વિચાર પણ ના કરે પરંતુ જે વસ્તુને તમે ફેંકી રહ્યાં છો તેમાં છે ગુણોનો ભંડાર. દરેક સિઝનમાં મળે એવું ફળ એટલે કેળા. કેળા સ્વાસ્થ્ય માટે લાભકારી છે. દરરોજ એક-એક પાકેલું કેળું ખાવાથી ડિહાઈડ્રેશન અટકે છે.



કેળાની છાલ વજન પણ ઘટાડે છે. જેમાં પ્રચુર માત્રામાં વિટામિન બી-૬, બી-૧૨ તેમજ મિનરલ્સ, પોટેશિયમ અને મેગ્નેશિયમ હોય છે. તે ફાઈબરનો સારો સ્ત્રોત છે. જે તમારી પાચનક્રિયાને સરખી કરવામાં મદદરૂપ થાય છે. મિત્રો તમને જણાવીએ કે તે જો કેળાની છાલ તમારા ચહેરા ઉપર નિખાર અને કોમળતા લાવી શકે છે. મિત્રો તમને જણાવીએ કે તે તો પછી તમારા વાળ માટે પણ સારી છે. વધુ માં જણાવીએ કે તે કેળા ની છાલ ને તમે હેર-માસ્ક ની જેમ પણ ઉપયોગ કરી શકો છો. તે કેળા ની છાલ વાળ ને નરમ બનાવે છે અને સાથે જ ચમક પણ લાવે છે. આંખની નીચે ડાર્ક સર્કલ થઈ ગયા છે? તો આ સમસ્યામાં પણ કેળાના છાલ ઉપયોગી નીવડે છે. આ માટે કેળાના છાલને બ્લેંડરમાં પીસી લેવી અને તેમાં એલોવેરે જેલ મિક્સ કરી આંખની નીચેના ભાગમાં લગાડવી. જ્યારે સુકાઈ જાય તો ધોઈ લો અને આ ઉપાય સતત કરવાથી ડાર્ક સર્કલમાં દૂર થઈ જશે.


# આરોગ્ય માટે ફાયદાકારક ડ્રેગન ફ્રૂટ ખાવું જોઈએ?



ડેન્ગયુનો રોગ થવાથી આપણા શરીરમાં કાઉન્ટ ઘટી જાય છે. જેના કારણે આપણું શરીર ખુબ જ નબળું પડી જાય છે. માટે આ એક ફળનું સેવન કરવાથી કાઉન્ટમાં વધારો કરી શક્ય છે. આ ફળમાં મળી આવતા નાના બ્લેક દાણા આપણા શરીરમાં થયેલ કમજોરી ને દૂર કરી દે છે. જો શરીરમાં શારીરિક કમજોરી, થાક, નબળાઈ જેવી સમસ્યા રહેતી હોય તો આ એક ફ્રુટનું સેવન કરવાથી દૂર થઈ જાય છે. સૌથી શક્તિ શાળી આ એક ડ્રેગન ફ્રૂટનું સેવન નિયમિત કરવાથી આપણા શરીરમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે જેના કારણે આપણા શરીરમાં થતા અનેક રોગથી બચાવી રાખવાનું કામ કરે છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફ્રૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફ્રૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. તે કુદરતી રીતે ફેટ ફ્રી અને ફાઈબરથી ભરપૂર હોય છે. તેને નાસ્તામાં લેવાથી ભૂખ ઓછી લાગે છે. આ ઉપરાંત તે બ્લડ શુગર ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં પ્રિબાયોટિક્સ હોય છે, જે તમારા આંતરડામાં પ્રોબાયોટિક્સ નામના તંદુરસ્ત બેક્ટેરિયાનો ખોરાક છે. તમારી સિસ્ટમમાં વધુ પ્રિબાયોટિક્સ મળે તો તમારા આંતરડામાં ગુડ અને બેડ બેક્ટેરિયાનું સંતુલન સુધારી શકાય છે. ડ્રેગન ફ્રૂટ તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવી શકે છે. તેમાં વિટામિન સી અને અન્ય એન્ટિઓક્સિડન્ટ્સ વધારે હોય છે, જે તમારી રોગપ્રતિકારક શક્તિ માટે સારા છે. તેમાં આયરનનું પ્રમાણ પણ ઊંચું હોય છે. સામાન્ય રીતે ફળોના સેવન માટે સવારનો સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે પાચન તંત્ર ફળોની શુગરને ઝડપથી ઓગાળી નાંખે છે અને તેને તમામ પોષક તત્વો આપે છે. ડ્રેગન ફ્રૂટને મિડ મિલ તરીકે અથવા રાત્રે પણ લઈ શકાય છે. રાત્રે લેવામાં આવે તો વધુ સારી ઊંઘમાં મદદ કરે છે. તેને તમારા ફળોના સલાડમાં અનાનસ અને કેરી જેવા ફળો સાથે ઉમેરી શકો છો. તેનો આઈસક્રીમ બનાવી શકો, જ્યુસ અથવા પીણાંમાં સ્વાદ માટે નીચોવી શકો.

## BOLLYWOOD NEWS FLASH

**શો માં ફરી એકવાર કંઈક આવું જ જોવા મળ્યું હતુ, આ વખતે બિગ બીએ એક સ્પર્ધકને પોતાનું જેકેટ ગિફ્ટ કર્યું હતું**



# કૌન બનેગા કરોડપતિમાં અમિતાભ બચ્ચનનો વટ

। મુંબઈ, તા.૧૩ ।

અમિતાભ બચ્ચનના ક્વિઝ-આધારિત રિયાલિટી શો 'કૌન બનેગા કરોડપતિ'માં લોકો માત્ર અમીર જ નથી બનતા, પણ તેની સાથે તેમને બીજી એક તક પણ મળે છે. તેમને સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને મળવા અને વાત કરવાનો મોકો પણ મળે છે. બિગ બીના શોની આ ૧૫મી સીઝન છે. અત્યાર સુધી આ શોએ અગાઉ સેંકડો લોકોનું જીવન બદલી નાખ્યું છે અને ઘણા લોકોને અમીર પણ બનાવ્યા છે. આ શોમાં મેગાસ્ટાર અમિતાભ બચ્ચન ઘણીવાર સ્પર્ધકોની સમસ્યાઓ સાંભળતા અને તેમની સમસ્યાઓનું નિરાકરણ કરતા જોવા મળે છે. શો માં ફરી એકવાર કંઈક આવું જ જોવા મળ્યું હતુ. આ વખતે બિગ બીએ એક સ્પર્ધકને પોતાનું જેકેટ ગિફ્ટ કર્યું હતું.

સોશિયલ મીડિયા પર આ ઘટનાનો એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે. નવા પ્રોમોમાં, હોટ સીટ પર બેઠેલા એક પુરુષ સ્પર્ધકને KBC ૧૫ના સેટ પર ઠંડી લગતી હોવાની ફરિયાદ કરતા જોઈ શકાય છે. સ્પર્ધકે કહ્યું હતું કે, "અહીં ઘણી ઠંડી છે, મારો હાથ પણ કામ નથી કરી રહ્યો." સ્પર્ધકની ફરિયાદ સાંભળીને બિગ બીએ કહ્યુ હતુ કે, "જો તમારે ઠંડી ઓછી કરવી હોય તો અમને કહો, અમે કરાવી દઈશું. અભિનેતાએ KBCનાં સેટ પર હાજર ક્રૂ સાથે વાત કરતાં કહ્યું હતું કે, "અરે ભાઈ, આ અમારા જ માણસ છે, તેમને કહો કે અમે જે જેકેટ પહેરીએ છીએ તે લઈ આવે." 'શોલે' ફેમ એક્ટર પછી કહેતા જોઈ શકાય છે, "અહીં કારમાંથી જ લાવવાનું છે.



# નેટવર્થના મામલે કઈ ઓછી નથી કિંગ ખાનની પત્ની

। મુંબઈ, તા.૧૩ ।

શાહરૂખ ખાનને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીનો બાદશાહ કહેવામાં આવે છે. શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ ૨ દિવસમાં ૧૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ ગઈ છે. કમાણીના મામલામાં શાહરૂખ ઘણા મોટા સ્ટાર્સની યાદીમાં ટોપ પર છે. તેની પત્ની ગૌરી ખાન પણ કરોડો રૂપિયાની માલિક છે. પોતાની મહેનતથી તેણે કરોડો રૂપિયાનો બિઝનેસ બનાવ્યો છે, જેમાંથી તે દર વર્ષે મોટી કમાણી કરે છે. ગૌરી ખાન એક ઉત્તમ ઈન્ટિરિયર ડિઝાઈનર છે. તેમણે વિશ્વની પ્રખ્યાત હસ્તીઓના ઘરો ડિઝાઈન કર્યા છે. આ આવડતથી ગૌરી કરોડો રૂપિયા કમાય છે. ઈન્ટિરિયર ડિઝાઈનર હોવા ઉપરાંત, ગૌરી ખાન એક સફળ નિર્માતા પણ છે. વર્ષ ૨૦૦૨માં તેણે તેના પતિ શાહરૂખ ખાન સાથે પ્રોડક્શન હાઉસ 'રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ'ની શરૂઆત કરી હતી. ગૌરી ખાન કરોડોની સંપત્તિની માલિક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શાહરૂખની કુલ સંપત્તિ ૬૩૦૦ કરોડ રૂપિયા છે, જ્યારે ગૌરીની સંપત્તિ ૧૬૦૦ કરોડ રૂપિયા છે.

**જેટલી મજા ભારત-પાકિસ્તાનની મેચ જોવામાં આવે છે એટલી મજા બીજી મેચ જોવાની આવતી હોતી નથી**

# વિરાટનું પ્રદર્શન જોઇને અનુષ્કા થઇ ક્લિન બોલ્ડ

। મુંબઈ, તા.૧૩ ।

વરસાદને કારણે ભારત-પાકિસ્તાનની મેચ પૂરી જોવા માટે ફેન્સને થોડો વધારે સમય રાહ જોવી પડી. જો કે મેચ બહુ શાનદાર હતી. રાહ જોયા પછી પરિણામ સારું આવ્યુ હોવાથી ફેન્સ ખુશ-ખુશ થઈ ગયા હતા. ભારતની જબરજસ્ત જીત પછી ઈન્ડિયાના લોકોમાં કંઈક અલગ પ્રકારે જ ખુશી જોવા મળી. આમ કહેવાય છે કે જેટલી મજા ભારત-પાકિસ્તાનની મેચ જોવામાં આવે છે એટલી મજા બીજી મેચ જોવાની આવતી હોતી નથી. ભારત-પાકિસ્તાનની મેચનો નજારો કંઈક અલગ જ લોકોને આવતો હોય છે. આટલું જ નહીં વિરાટે પોતાના શાનદાર રમતથી અનુષ્કાથી લઈને બધા લોકોને ખુશ કરી દીધા છે. જબરજસ્ત મેચ રમીને વિરાટ કોહલીએ પાકિસ્તાનના લોકોને ટેન્શનમાં લાવી દીધા હતા. જો કે મેચ જોયા પછી અનુષ્કા શર્માએ કંઈક અલગ અંદાજમાં પતિ વિરાટ કોહલીના વખાણ કર્યા. એશિયા કપ ૨૦૨૩માં પાકિસ્તાન સામે ભારતે દમદાર બેટિંગ કરીને જીત હાંસિલ કરી. આ મેચમાં વિરાટ કોહલીએ ફરી એક વાર સાબિત કરી દીધુ છે કે ઈન્ડિયા ઈસ બેસ્ટ. જો કે વિરાટની બેટિંગથી અનેક લોકો ખુશ-ખુશ થઈ ગયા. ઉલ્લેખનીય છે કે આ મેચમાં વિરાટ કોહલીએ ૯૪ બોલમાં ૧૨૨ રન બનાવ્યા છે. આ સાથે વિરાટે પોતાના શાનદાર પ્રદર્શનથી ઓડીઆઈમાં પોતાનો ૪૭મો શતક પૂર્ણ કર્યો.



**પિતાએ પણ તેને સ્પષ્ટ કહી દીધું હતું કે જો તેને ફિલ્મોમાં કામ કરવું હોય તો તેણે તેમના પરિવારની સરનેમ છોડવી પડશે**

# મલ્લિકા શેરાવતને તેના પિતા IAS બનાવવા માંગતા હતા

। મુંબઈ, તા.૧૩ ।

મલ્લિકા શેરાવતની બોલિવૂડમાં એન્ટ્રી બિલકુલ સરળ ન હતી. હરિયાણાના હિસાર જિલ્લામાં જન્મેલી આ અભિનેત્રી જાટ પરિવારતી સંબંધ ધરાવે છે. રૂઢિચુસ્ત પરિવાર સાથે સંબંધ હોવાના કારણે અભિનેત્રીને ફિલ્મોમાં પોતાની ઓળખ બનાવતી વખતે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અભિનેત્રીએ તેના ઈન્ટરવ્યુમાં ઘણી વખત કહ્યું હતું કે તેનો પરિવાર તેના ફિલ્મોમાં કામ કરવાની સખત વિરુદ્ધ હતો. તેના પિતાએ પણ તેને સ્પષ્ટ કહી દીધું હતું કે જો તેને ફિલ્મોમાં કામ કરવું હોય તો તેણે તેમના પરિવારની સરનેમ છોડવી પડશે. બોલિવૂડમાં કંઈક



કરવાના સપનાને લઈ અભિનેત્રીએ પણ પિતાની આ શરત સ્વીકારી લીધી હતી. બહુ ઓછા લોકો જાણતા હશે કે મલ્લિકા શેરાવતનું અસલી નામ રીમા લાંબા છે. પરંતુ ફિલ્મોમાં પ્રવેશતા પહેલા તેણે પોતાનું નામ બદલી નાખ્યું હતું. શેરાવત અભિનેત્રીની માતાની પ્રથમ અટક હતી. 'મર્ડર' એક્ટ્રેસે ઘણી વખત ખુલાસો કર્યો છે કે બાળપણથી જ તેની માતાએ તેને દરેક બાબતમાં ખૂબ સપોર્ટ કર્યો હતો. જોકે ફિલ્મોમાં આવ્યા પછી તેના પરિવારે તેની સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. પડદા પર આવતા પહેલા મલ્લિકાએ થોડો સમય એર હોસ્ટેસ તરીકે કામ કર્યું હતું. આ દરમિયાન તેની મુલાકાત પાઈલટ કરણ સિંહ ગિલ સાથે થઈ હતી. મિત્રતા તરીકે શરૂ થયેલો આ સંબંધ પ્રેમમાં આગળ વધ્યો અને પછી બંનેએ લગ્ન કરી લીધા હતા. પરંતુ મલ્લિકા શેરાવતના આ લગ્ન એક વર્ષ પણ ટકી શક્યા નહીં. ખરેખરમાં ઈન્ડસ્ટ્રીમાં તેના કામને અસર ન થાય તે માટે અભિનેત્રીએ તેના લગ્નને ગુપ્ત રાખ્યા હતા અને લગ્નના એક વર્ષમાં જ કપલના સંબંધોમાં તિરાડ આવી ગઈ અને બંને અલગ થઈ ગયા હતા. વર્ષ ૨૦૦૪માં જ્યારે મલ્લિકા શેરાવતને ફિલ્મ 'મર્ડર'માં કાસ્ટ કરવામાં આવી ત્યારે અભિનેત્રીને તે તક મળી જેની તે વર્ષોથી રાહ જોઈ રહી હતી. આ ફિલ્મમાં તે પોતાની બોલ્ડ સ્ટાઈલથી દર્શકોમાં લોકપ્રિય બની હતી. ફિલ્મોમાં સારી સફળતા મેળવ્યા બાદ અભિનેત્રીના પરિવાર સાથેના સંબંધોમાં પણ સુધારો થઈ ગયો હતો. મલ્લિકાએ બોલિવૂડની સાથે સાથે હોલિવુડમાં પણ પોતાનો દોમ બતાવી છે. મલ્લિકાએ એક ફિલ્મમાં જેકી ચેન સાથે પણ કામ કર્યું છે. તે 'મર્ડર', 'પ્યાર કે સાઈડ ઈફેક્ટ્સ', 'શાદી સે પહેલે', 'વેલકમ', 'હિસ' અને 'ડબલ ધમાલ' જેવી ઘણી સફળ ફિલ્મોમાં જોવા મળી છે.

### ઝાલોદ તાલુકામાં લીમડી નગરમાં

## ટીબી મુક્ત અભિયાન અંતર્ગત રંગલો રંગલી ભવાઈના કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું અને ટીબી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૩ ।

આજ રોજ તા.૧૨-૦૯-૨૦૨૩ મંગળવાર ના રોજ પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત ઝાલોદ તાલુકામાં લીમડી નગરના હાટ બજારમાં રંગલો રંગલી ભવાઈના કાર્યક્રમ નું આયોજન કરવામા આવ્યું હતું અને ટીબી નો પ્રચાર પ્રસાર કરવામા આવ્યો હતો, આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા ક્ષય અધિકારી ડૉ.આર. ડી.પહાડીયા અને તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર તુષાર ભાભોરના માર્ગદર્શનમા કરવામા આવ્યો હતો અને આરોગ્યના સ્ટાફ હાજર રહી પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું. આવો સૌ સાથે મળીને ટીબી ને હરાવીએ.''ટીબી હારેગા દેશ જીતેગા''. મારુ ગામ ટીબી મુક્ત ગામ

## ઝાલોદ નગરમાં શ્રાવણ માસના છેલ્લા દિવસોમાં વિવિધ શિવાલયોની નયનરમ્ય ઝાંખી આકર્ષણનું કેન્દ્ર બની



। ઝાલોદ, તા.૧૩ ।

શ્રાવણ માસને હવે પૂરો થવા હવે ગણતરીના દિવસો બાકી રહેલ છે. ભક્તો શિવજીને રીઝવવા અને મનાવવામાં તેમજ ભક્તિ પૂજા અર્ચના કરવામાં કોઈ કસર રાખી રહ્યા નથી.

નગરના શિવાલયો દ્વારા વિવિધ ભક્તિ સભર પ્રોગ્રામો નગરના શિવ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. નગરના દરેક શિવાલયોમા નિત્ય શણગાર ભક્તોના મન જીતી રહ્યા છે. અમુક શિવાલયમાં ભક્તો જાતે ભક્તિ કરતા કરતા



નીતનવી ઝાંખી બનાવતા જોવા મળી રહેલ છે. હાલતો નગરના શ્રાવણના અંતિમ ચરણમાં ભક્તો શિવજીને રીઝવવા તેમજ તેમની ભક્તિમાં તલ્લીન જોવા મળી રહેલ છે.

## ઝાલોદ જયદેવા ગણેશ ગ્રૂપ દ્વારા ગણપતિ બાપ્પાનું ભવ્ય આતશબાજી સાથે આગમન કરાયું

### આખું નગર ગણપતિ બાપ્પા મોરિયાના ગગનભેદી નારા સાથે ગુંજી ઉઠયું હતું

। ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરમાં આગામી સમયમાં ગણેશ ઉત્સવનો પ્રારંભ થવા જઈ રહ્યો છે તે અંતર્ગત નગરના જયદેવા ગ્રુપ દ્વારા આજ રોજ ૧૨-૦૯-૨૦૨૩ ના રોજ નગરમાં ગણેશજીનું આગમન કરવામાં આવ્યું. ગણેશજીના આગમન ટાણે જયદેવા ગ્રુપ દ્વારા શોભાયાત્રામાં ભવ્ય આતશબાજી, ઢોલ નગારા વગાડી, ડીજેના તાલ સાથે ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. ગણપતિના આગમન ટાણે ભવ્ય રીતે હવામાં કાગળની પટ્ટીઓ નાની તોપમાં નાખી હવામાં ઉછાળવામાં આવેલ હતી. જયદેવા ગ્રુપ દ્વારા કરાયેલ આગમનને નિહાળવા માટે મોટા પ્રમાણમાં નગરજનો ઉમટી પડેલ હતા. જયદેવા ગ્રુપના તેમજ નગરના સહુ લોકોએ ગણપતિજીના આગમનને નાચી ઝૂમી વધાવી લીધેલ હતું. આખું નગર ગણપતિ બાપ્પા મોરિયાના ગગનભેદી



નારાઓ થી ગુંજી ઉઠેલ જોવા મળતું હતું. જયદેવા ગ્રુપ ગણેશ મંડળ આકર્ષક ઝાંખી તેમજ બાપ્પાના ભવ્ય દરબારમાં દર્શન માટે જાણીતું છે. જયદેવા ગ્રુપ દ્વારા નગરના ગણેશ ભક્તો માટે દર વર્ષે નિત નવી ઝાંખી માટે જાણીતું છે. જયદેવા ગ્રુપ નગરના પ્રતિષ્ઠિત ગણેશ મંડળમાં સ્થાન ધરાવે છે નગરના જયદેવા ગ્રૂપ દ્વારા દ્વારા મુકવામાં આવતી ઝાંખીને તાલુકાના આસપાસના વિસ્તારના લોકો જોવા ઉમટી આવતા હોય છે.

### જસદણના આલણસાગર તળાવનું પાણી બે ગામો ગાળ્યા વગર પીવે છે

## આવડ માતાજી પર છેલ્લાં સો વર્ષથી અનેરી શ્રદ્ધા વ્યક્ત કરતા બાખલવડ અને દેવપરાના ગ્રામ્યજનો

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૩ ।

જસદણ શહેરને પીવા અને ગામડાઓને રવીપાક માટે છેલ્લા ૧૨૩ વર્ષથી પાણી પુરુ પાડતું આલણસાગર તળાવનું પાણી ફિલ્ટર તો ઠીક પણ બાખલવડ અને દેવપરા ગામના ગ્રામ્યજનો સાદા કપડાના ગરણાથી પણ ગાળીને પીતા નથી. આ બાબત તેઓ આવડ માતાજીની આસ્થા ગણાવી રહ્યાં છે. જસદણથી પાંચ કિલોમીટર દુર આવેલ બાખલવડ ગામે ૧૯૦૦ ની સાલમાં પ્રજાવત્સલ રાજવી આલાખાચરબાપુએ લોકોને પાણી પીવા અને ખેતી માટે મળી રહે તે હેતુથી બનાવ્યું હતું. હાલમાં આ તળાવ જસદણ અને વિંછીયા તાલુકામાં સૌથી મોટું છે. એકબાજુ આ તળાવમાંથી પાણી જસદણને મળી રહ્યું છે ત્યારે અનેક લતામાંથી પાણી ડહોળું આવી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી



છે. બીજી બાજુ તળાવની નજીકના જ બે ગામો બાખલવડ અને દેવપરાના લોકો આવડ માતાજીની શ્રદ્ધાને કારણે ફિલ્ટર તો દુરની વાત પણ કપડાથી પણ આ પાણીને ગાળીને પીતા નથી. ગ્રામ્યજનોએ આ બાબતે આગળ વધારતા કહે છે કે, ચોમાસામાં તો નવું પાણી આ તળાવમાં આવે છે ત્યારે અત્યંત ડહોળું હોય છે. ત્યારે પણ આ પાણીને અમે ગાળતા નથી અને આ પાણી પીવાથી હજુ કોઈ અમારા વડીલો માંદગીના ખાટલે પડયા નથી.

## કાળીમહુડી પ્રા.શાળામાં નિવૃત્ત શિક્ષક દ્વારા પતિની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને સ્ટેશનરી વિતરણ કરી



। ઝાલોદ, તા.૧૩ ।

કાળીમહુડી પ્રાથમિક શાળામાં કારઠ નિવાસી સ્વ.નાયક નરવરસિંહ ની પુણ્યતિથિએ તેમના ધર્મ પત્ની નાયક સુનંદા બેન નરવરસિંહ અને તેમના પુત્ર નાયક ચંદ્રેશભાઈ જે કાળીમહુડી પ્રાથમિક શાળામાં આ.શિ તરીકે ફરજ બજાવે છે. નાયક સુનંદાબેન એન (નિવૃત્ત શિક્ષક) અને તેમના પુત્ર ગીરીશભાઈ દ્વારા સ્વ. નરવરસિંહ નાયકની પુણ્યતિથિ પ્રસંગે આર્થિક રીતે ગરીબ શાળાના તમામ બાળકોને શિક્ષણમાં જરુરી એવી ૩૦૦૦૦/- જેટલા રકમની સ્ટેશનરી સામગ્રી અર્પણ કરી એક પુણ્ય આત્માની શાંતિ માટે દરેક સભ્ય સમાજના લોકોને હદયસ્પર્શી ઉદાહરણરૂપ કામ કર્યું છે.આગાઉં પણ સુનંદાબેનના જયેષ્ઠ પુત્ર નાયક પંકજભાઈ દ્વારા તેમની ધર્મપત્નીના હસ્તે ધોરણ ૧ થી ૩ ના નાના નાના બાળકો માટે ઠંડીના સમયે સ્વેટર આપવામાં આવ્યા હતા. અને ઘણીવાર નાની મોટી મદદ કરેલ હતી.

શાળાની દરેક પ્રવૃત્તિથી તેઓ વાકેફ છે અમારી શાળાની પસંદગી કરી અમારી શાળાના બાલકો માટે એમના શિક્ષણ રથને આગળ વધવામાં મદદરૂપ થાય એવી શિક્ષણ સામગ્રી ભેટ આપવા બદલ એક આચાર્ય રોશની બેન પલાશ અને શાળા પરિવાર ,ગ્રામજનો ,એ આ ઉમદા કાર્યને બિરદાવ્યો હતો.અને તેમનો ખૂબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

## ઝાલોદ તાલુકાની ઢાડીયા પ્રાથમિક શાળામાં તાલુકા કુમાર ક્લસ્ટરનો ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું



। ઝાલોદ, તા.૧૩ ।

આજરોજ તારીખ ૧૨/૦૯/૨૦૨૩ મંગળવાર ના રોજ ઝાલોદ ઢાડિયા પ્રા શાળા ખાતે તાલુકા કુમાર ક્લસ્ટરનો ગણિત - વિજ્ઞાન - અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં બી આર સી કો. મુનિયા સાહેબ સી આર સી કો ભમાત સાહેબ ક્લસ્ટરનાં આચાર્ય શ્રીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકો અને મોટી સંખ્યામાં બાળ વૈજ્ઞાનિક હાજર રહ્યા ઋષિ સાહેબ રીબિન કાપી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો.

### બેઠકમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા બિરસા મુંડા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. મધુકર પાડવીનું શાલ ઓઢાડી સન્માન કરાયું

## નર્મદા સાહિત્ય સંગમની રાજપીપળા ખાતે કારોબારી બેઠક અને કવિ સંમેલન યોજાયા

। રાજપીપળા, તા.૧૩ ।

નર્મદા સાહિત્ય સંગમની મહત્વની કારોબારી બેઠક બિરસા મુંડા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. મધુકર પાડવીના અધ્યક્ષ સ્થાને નર્મદા સાહિત્ય સંગમના પ્રમુખ દીપક જગતાપના નિવાસસ્થાને યોજાઈ હતી જેમાં પ્રમુખ દીપક જગતાપ, ઉપપ્રમુખ ડૉ. હિતેશ ગાંધી, ઘનશ્યામ કુમાવત, સહમંત્રી :હિરાજ વસાવા, ખજાનચી અને મીડિયા ઈન્ચાર્જ ભાવિકા પટેલ, સલાહકાર સમિતિના સદસ્ય ડૉ. મધુકર પાડવી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે બિરસા મુંડા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે સુંદર કામગીરી કરતા. ડૉ. મધુકર પાડવી નર્મદા સાહિત્ય સંગમનું ગૌરવ હોઈ તેમનું પ્રમુખ દીપક જગતાપ તથા કારોબારી સદસ્યોએ શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે પ્રમુખ દીપક જગતાપે એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ કરેલ જેમાં અગાઉના થયેલ ખર્ચ સર્વાનુમતે મંજુર કરાયા હતાં. તેમજ સંસ્થાના રજીસ્ટ્રેશન કાર્યવાહી માટે મંજૂરી અપાઈ હતી. ઉપરાંત કારોબારીમાં નવા સક્રિય હોદ્દેદારોની સંખ્યા વધારવા, આજીવન સભ્ય બનાવવા તથા હોદ્દા બદલવા અંગે ચર્ચા હાથ ધરાઈ હતી. હવેથી દરેક મિટિંગ દરમહિના ના બીજા કે ચોથા શનિવારે બેઠક રેગ્યુલર બોલાવવાનું નક્કી થયું. આગામી



જનરલ મિટિંગ અંગે સ્થળ પણ નક્કી કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત આગામી કાર્યક્રમો યોજવા અંગે પણ ચર્ચા હાથ ધરાઈ હતી. ડૉ મધુકર પાડવીએ આગામી નર્મદા સાહિત્ય સંગમનું કવિ સંમેલન અને સેમિનાર બિરસામુંડા યુનિવર્સીટી ખાતે યોજવા સંમતિ આપી સહકારની ખાત્રી આપી હતી.

અધ્યક્ષ સ્થાનેથી નર્મદા સાહિત્ય સંગમની પ્રવૃતિઓને બિરદાવી વધુ સારી સમાજ ઉપયોગી સાહિત્ય લક્ષી પ્રવૃત્તિઓ કરવા અનુરોધ કરી મહત્વના સૂચનો કર્યા હતાં. ઉપસ્થિત સદસ્યોં ઉપપ્રમુખ ડૉ. હિતેશ ગાંધી, ઘનશ્યામ કુમાવત, સહમંત્રી હિરાજ વસાવા, ખજાનચી અને મીડિયા ઈન્ચાર્જ ભાવિકા પટેલે પણ સૂચનો કરી દરેકે પોતાની કાવ્ય રચનાઓ રજૂ કરી હતી.

## રાજપીપળા નગરપાલિકાના સૌથી નાની વયના મહિલા પ્રમુખ તરીકે ધર્મિષ્ઠાબેન પટેલ અઢી વર્ષ માટે ચૂંટાયા

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૩ ।

રાજપીપળા નગરપાલિકાના શાસનના અઢી વર્ષ પૂરા થતા બાકીના બીજા અઢી વર્ષ માટેની ચૂંટણી રાજપીપળા નગરપાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં નગરપાલિકાના અઢી વર્ષ માટેના નવા પ્રમુખ તરીકે ધર્મિષ્ઠા પટેલની વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે ગિરિરાજ ખેરની વરણી કરવામાં આવી હતી. ધર્મિષ્ઠાબેન પટેલ રાજપીપલા નગરપાલિકાના સૌથી નાની વયના મહિલા પ્રમુખ તરીકે ચૂંટાયા




હતા. ધર્મિષ્ઠાબેન પટેલે નગરપાલિકાનો સ્વચ્છ અને લોકભીમુખ વહીવટ કરવાનો ખાતરી આપી હતી. જોકે આ પ્રસંગે વિરોધ પક્ષના નેતા સાહિનૂર શેખ વિરોધ પક્ષના કોર્પોરેટરોએ વિરોધ નોંધાવી વોકઆઉટ કર્યો હતો.સાહીનું પઠાણે જણાવ્યું હતું કે આ સીટ એસસીમાટે અનામતહતી. પણ ભાજપ પાસે એસ. સી ઉમેદવાર ન હોવાથી તેમણે આરોસ્ટર બદલીને સામાન્ય સ્ત્રી અનામત બદલી હોવાનો આક્ષેપ કરી તેનો વિરોધ નોંધાવી સભાખંડ છોડી ચાલ્યા ગયા હતાં. ચૂંટાયા બાદ નવા પ્રમુખ ઉપપ્રમુખનેઅભિનંદન પાઠવ્યા હતા. અને ત્યારબાદ વાજતે ગાજતે નગરમાં વિજયસરઘસ નીકળ્યું હતું. જેમાં ભાજપના આગેવાન કમલેશભાઈ પટેલ, શહેર પ્રમુખ પ્રમુખ રમણસિંહ રાઠોડ, તથા કોર્પોરેટર સહીત સમર્થકો જોડાયા હતા.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા. તમને આજે તમારા જીવનમાંના પ્રેમ તરફથી કોઈક સરપ્રાઈઝ મળી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. આજનો દિવસ તમારા લગ્નજીવનના સુંદર દિવસોમાંનો એક બની શકે છે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. રોમેન્ટિક ગીતો, સુગંધી મીણબત્તીઓ, સારૂં ભોજન અને કેટલાક પીણાં, આજનો આખો દિવસ તમારા જીવનસાથી સાથે આ બધી બાબતોનો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### કેનેડા આ વર્ષે ૪.૬૫ લાખ લોકોને PR આપશે

। નવી દિલ્હી, તા.૧૩ ।

કેનેડાએ પોતાની ઈકોનોમીને ટેકો આપવા અને વર્કર્સની અછત દૂર કરવા માટે ઈમિગ્રન્ટ્સને આવકારવાનો નિર્ણય લીધો છે, પરંતુ કેનેડાની હાઉસિંગ કટોકટીના કારણે સમસ્યા પેદા થઈ રહી છે. ચાલુ વર્ષમાં કેનેડા ૪.૬૫ લાખ લોકોને પર્મેનન્ટ રેસિડન્સી (પીઆર) આપશે. ૨૦૨૪માં લગભગ ૪.૮૫ લાખ લોકોને અને ૨૦૨૫માં પાંચ લાખ લોકોને પીઆર આપવામાં આવશે. કેનેડામાં જે પ્રકારની હાઉસિંગ કટોકટી છે તેના કારણે આ સંખ્યા પર કાપ મુકાય તો પણ નવાઈ નહીં. કેનેડાના હાઉસિંગ મંત્રી સિન ફ્રેઝરે તાજેતરમાં કહ્યું કે, "દેશમાં મકાનોની એટલી અછત છે કે બધા લોકોને રહેવાની સગવડ આપી શકાય તેમ નથી. તેના કારણે ઈમિગ્રેશન પોલિસીમાં એક બેલેન્સ સ્થપાય તેવી શક્યતા છે. એટલે કે જે લોકોને પીઆર આપવાની યોજના હતી તેમાં કાપ મુકાઈ શકે છે. કેનેડાએ અત્યાર સુધી ઉદાર થઈને ઈમિગ્રન્ટ્સને આવવા દીધા છે, પરંતુ તેની સામે સગવડો ઉભી થઈ શકી નથી. તેના કારણે હાઉસિંગ, હેલ્થકેર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે પર બહુ બોજ આવી ગયો છે.

### લીબિયામાં વિનાશકારી પૂરના કારણે ૫૩૦૦ લોકોના મોત

। નવી દિલ્હી, તા.૧૩ ।

લીબિયામાં વિનાશકારી તોફાન ડેનિયલ બાદ આવેલા પૂરે ડેરના શહેરમાં ભીષણ તબાહી મચાવી છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ અબુ લામોશાના જણાવ્યાં મુજબ ડેરનામાં મૃતકોની સંખ્યા ૫૩૦૦થી વધુ થઈ છે. પહેલા એમ્બ્યુલન્સ ઓથોરિટીએ મૃતકોની સંખ્યા ૨૩૦૦ જણાવી હતી. પૂરનું પાણી રવિવારે બંધ તોડીને શહેરમાં પ્રવેશી ગયું અને એક આખા વિસ્તારને પોતાની સાથે લઈ ગયું. ડેરનામાં અત્યાર સુધીમાં ૧૫૦૦ મૃતદેહો મળી ચૂક્યા છે. જો કે એ વાતની પૂરેપૂરી આશંકા છે કે મૃતકોની સંખ્યા તેનાથી ઘણી વધુ હશે. આંતરરાષ્ટ્રીય સંસ્થા રેડક્રોસ અને રેડ ક્રિસેન્ટ સોસાયટીના જણાવ્યાં મુજબ પૂરના કારણે લગભગ ૧૦ હજાર લોકો ગૂમ છે. આફતો મામલાના મંત્રી હિચેમ ચિકીઓતે જણાવ્યું કે હું ડેરનાના વિનાશકારી પૂરને જોઈને પાછો ફર્યો છું. ચારેબાજુ મૃતદેહો વિખરાયેલા છે.

### આરબીઆઈએ ગ્રાહકોના હિતમાં આપ્યો આદેશ

# પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશો તો ગ્રાહકોને વળતર ચૂકવવું પડશો

## તમામ બેન્કોને સલાહ આપવામાં આવી છે કે તે લોનના સેક્શન લેટરમાં તમામ દસ્તાવેજો પરત કરવાની તારીખ અથવા સ્થળનો ઉલ્લેખ કરે

। નવી દિલ્હી, તા.૧૩ ।

પ્રોપર્ટી પર લોનના મામલે ભારતીય રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. હવે જો બેંકો અથવા NBFC લોનની ચુકવણી કર્યા પછી પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશે તો તેમણે ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. રિઝર્વ બેંકે બુધવારે સવારે આ અંગે નવો આદેશ જાહેર કર્યો છે. રિઝર્વ બેંકે આ આદેશ નાની ફાઈનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, NBFCs, હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ અને એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ સહિત તમામ કોમર્શિયલ બેંકોને મોકલ્યો




છે. વાસ્તવમાં રિઝર્વ બેંકને એવી ફરિયાદો મળી રહી હતી કે ગ્રાહકોએ લોનની સંપૂર્ણ ચુકવણી અથવા સેટલ કર્યા પછી પણ બેંકો અને NBFC વગેરે મિલકતના દસ્તાવેજો સબમિટ કરવામાં વિલંબ કરી રહી છે. રિઝર્વ બેંકે કહ્યું કે આ વિલંબને કારણે વિવાદ અને મુકદ્દમા જેવી સ્થિતિઓ ઊભી થઈ રહી છે. સેન્ટ્રલ બેંકે તમામ સંબંધિત નાણાકીય સંસ્થાઓને તાજેતરના આદેશમાં રિસ્પોન્સિબલ લેન્ડિંગ કંડક્ટ એટલે કે જવાબદાર ધિરાણ આચરણની યાદ અપાવી હતી. આરબીઆઈનો ફેર પ્રેક્ટિસ કોડ આ સંદર્ભમાં સ્પષ્ટ સૂચનાઓ આપે છે કે જો ગ્રાહક પ્રોપર્ટી લોનના તમામ હપ્તાઓ ચૂકવે છે અથવા લોન સેટલ કરી લે છે તો આવી સ્થિતિમાં તેને તરત જ મિલકતના દસ્તાવેજો મળી જવા જોઈએ. સેન્ટ્રલ બેંકના તાજેતરના આદેશમાં જણાવાયું છે કે તમામ નિયમનકારી સંસ્થાઓ (વાણિજ્યિક બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, NBFCs અને એસેટ રિકંસ્ટ્રક્શન કંપની વગેરે) એ લોનના તમામ હપ્તાઓ મળવા અથવા સેટલ થવાના ૩૦ દિવસની અંદર ગ્રાહકોને તમામ ઓરિજનલ દસ્તાવેજો પાછા આપવા પડશે. ગ્રાહકોને એ ઓપ્શન આપવામાં આવે કે તે પોતાની સુવિધા અનુસાર અથવા તો સંબંધિત બ્રાન્ચમાંથી આ દસ્તાવેજો લઈ શકે છે. અથવા તો તે બ્રાન્ચ અથવા જ્યાં દસ્તાવેજો રાખવામાં આવ્યા છે તે ઓફિસમાંથી પણ દસ્તાવેજો પરત લઈ શકે છે. તમામ બેંકોને સલાહ આપવામાં આવી છે કે તે લોનના સેક્શન લેટરમાં તમામ દસ્તાવેજો પરત કરવાની તારીખ અથવા સ્થળનો ઉલ્લેખ કરે. જો લોન લેનાર વ્યક્તિનું મૃત્યુ થાય છે તો આવી સ્થિતિમાં બેંકોએ તમામ દસ્તાવેજો કાયદેસરના વારસદારને પરત કરવા અંગે સ્પષ્ટ પ્રક્રિયા નક્કી કરવી પડશે અને તેમની વેબસાઈટ પર આ પ્રક્રિયા વિશેની માહિતી પણ દર્શાવવી પડશે. જો બેંક અથવા અન્ય સંબંધિત સંસ્થાઓ નિર્ધારિત સમયની અંદર એટલે કે લોનની ચુકવણીના ૩૦ દિવસની અંદર દસ્તાવેજો પરત કરશે નહી તો આવી સ્થિતિમાં તેઓએ ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. બેંકો અને સંસ્થાઓએ પહેલા ગ્રાહકોને વિલંબ વિશે જાણ કરવી પડશે.

### જી૨૦માંથી પરત ફરવા સાથે યુએસ પ્રમુખની મુશ્કેલી વધી

# જો બાઈડન સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા સ્પીકરની મંજૂરી

## ગૃહની એક સમિતિને બાયડેન પરિવાર સામે તેમના વ્યાપારિક ડીલ અંગે તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ

। વોશિંગ્ટન, તા.૧૩ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન જી૨૦ સમિટમાંથી પરત ફરતાની સાથે જ મુશ્કેલીમાં મુકાયા છે. હાઉસ સ્પીકર મેકકાર્થીએ તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવાની મંજૂરી આપી છે. સ્પીકરે કહ્યું કે તેઓ ગૃહની એક સમિતિને બાયડેન પરિવાર સામે તેમના વ્યાપારિક ડીલ અંગે તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ આપી રહ્યા છે. રિપબ્લિકન હાઉસના સ્પીકર કેવિન મેકકાર્થીએ આ પગલું ભર્યું



હતું. ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા સ્પીકરનું આ ઐતિહાસિક પગલું ડેમોક્રેટિક પાર્ટીને ભારે પડી શકે છે. જો બાયડેન પર આરોપ છે કે તેઓ ૨૦૦૯ થી ૨૦૧૭ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હતા ત્યારે તેમના પુત્ર હન્ટર બાયડેનને વિદેશી વેપારમાં ફાયદો કરાવ્યો હતો. રિપબ્લિકન્સે આ વર્ષે ઘણા મહિનાઓ સુધી આ અંગે તપાસ હાથ ધરી હતી, પરંતુ બાડેન વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા ન હતા. મેકકાર્થીએ કહ્યું કે જ્યાં પુરાવા અમને લઈ જશે અમે ત્યાં જઈશું. સ્પીકર મેકકાર્થીએ કહ્યું, આ સત્તાના દુરુપયોગ અને ભ્રષ્ટાચારના આરોપો છે જેના માટે ગૃહ દ્વારા વધુ તપાસ કરાવાની જરૂર છે. આજે હું અમારી ગૃહ સમિતિને રાષ્ટ્રપતિ બાયડેન સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ આપી રહી છું.

### ઈસરોના વડા સોમનાથ દેશભરના મીડિયામાં છવાયેલા છે

# હર્ષ ગોયન્કાના કહેવા મુજબ સોમનાથને ૨.૫૦ લાખનો પગાર

## તેમણે લખ્યું છે કે આ પોસ્ટ પરની વ્યક્તિ કોઈ પગાર માટે નહીં પણ પોતાના આંતરિક મોટિવેશનથી કામ કરતી હોય છે

। નવી દિલ્હી, તા.૧૩ ।

તાજેતરમાં ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ની સફળતાના કારણે ઈસરો દરેક જગ્યાએ ચર્ચામાં છે. વિકસીત દેશોની સરખામણીમાં અત્યંત ઓછા ખર્ચે ભારતે જે સફળતા મેળવી તેના કારણે ઈસરોના વૈજ્ઞાનિકોના સૌ વખાણ કરે છે. પરંતુ દેશવિદેશમાં ભારતને આટલી બધી પ્રતિષ્ઠા અપાવનાર ઈસરોના વૈજ્ઞાનિકોને કેટલો પગાર મળે છે? જાણીતા ઉદ્યોગપતિ હર્ષ ગોયન્કાએ ઈસરોના વડા એસ. સોમનાથના



પગાર વિશે ટ્વિટ કરી તેના કારણે સોશિયલ મીડિયામાં હલચલ મચી ગઈ છે. આરપીજી ગ્રૂપના વડા હર્ષ ગોયન્કાએ ટ્વિટમાં જણાવ્યું છે કે એસ. સોમનાથને મહિને ૨.૫૦ લાખ રૂપિયાનો પગાર મળે છે. ગોયન્કાની આ પોસ્ટને લગભગ ૮ લાખથી વધારે વ્યૂ મળ્યા છે. તેમણે એસ. સોમનાથના અઢી લાખ રૂપિયાના પગારની વાત કરીને એમ પણ પૂછ્યું છે કે ઈસરોના વડા માટે આ પગાર યોગ્ય ગણાય કે નહીં. જોકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે સાયન્સ અને રિસર્ચના ક્ષેત્રમાં એસ. સોમનાથ જે પેશન ધરાવે છે તેને તેના પગારથી તોલી ન શકાય. તેમણે લખ્યું છે કે આ પોસ્ટ પરની વ્યક્તિ કોઈ પગાર માટે નહીં પણ પોતાના આંતરિક મોટિવેશનથી કામ કરતી હોય છે. તેઓ સાયન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં પોતાના દેશ માટે કંઈક કરવા માંગે છે.

# કોંગ્રેસે છોટા ઉદેપુરમાં મજબૂત પક્કડ બનાવી, અનેક નેતાઓ કોંગ્રેસમાં જોડાયા

। છોટા ઉદેપુર,તા.૧૩ ।

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા ઉત્તર અને મધ્ય ગુજરાતમાં કોંગ્રેસે મજબૂતી મેળવી છે. આમ આદમી પાર્ટીના પૂર્વ રાજ્ય ઉપાધ્યક્ષ પ્રો. અર્જુન રાઠવા આખરે કોંગ્રેસમાં જોડાયા છે. તેમની સાથે અન્ય ઘણા નેતાઓએ પણ પાર્ટીની સદસ્યતા લીધી હતી. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે તમામ નેતાઓને પાર્ટી કેસ પહેરાવી આવકાર્યા હતા.

આ પ્રસંગે રાઠવાએ જણાવ્યું હતું કે તેમનો ઉદ્દેશ્ય આદિવાસી સમાજના ઉત્થાન માટે કામ કરવાનો છે. આ સાથે ભાજપને સત્તા પરથી હટાવવાની છે. એ ધ્યેય એ જ છે. જ્યારે તેઓ AAPમાં હતા ત્યારે પણ તેઓ ભાજપની નીતિઓ સામે લોકોને જાગૃત કરતા હતા. હવે કોંગ્રેસમાં રહીને તેઓ ભાજપને સત્તા પરથી દૂર કરવાનો પ્રયાસ કરશે.

પ્રો. અર્જુન રાઠવા સાથે આપ સહમંત્રી રહેલા મયંક શર્મા, ચૌધરી સમાજના આગેવાન પ્રશાંત ચૌધરી, સાબરકાંઠા જિલ્લામાંથી આવી રહેલા શિરીષભાઈ ત્રિવેદી, હસમુખ કાપડિયા, વડોદરા આપના યુવા પ્રમુખ વિશાલ પટેલ, દેવેનભાઈ પટેલ, શામળભાઈ પરમાર જોડાયા હતા. આ સિવાય સાબરકાંઠા જિલ્લામાંથી રવિન્દ્રભાઈ પરમાર, રાજેશભાઈ સોલંકી, ભરતસિંહ ચૌહાણ, બાબુજી ઠાકોર, સ્વયંભાઈ સાળવીએ કોંગ્રેસનું સભ્યપદ લીધું હતું.



હિમાચલ પ્રદેશના સિમલાના શિવ મંદિરમાં વરસાદ કારણે ભૂસ્ખલનમાં થયેલ નુકસાનની તપાસ કરી મીડિયા સાથે વાતચીત કરતા નજરે પડે છે.

## વિશેષ

### ભરૂચમાં "આયુષ્યમાન ભવ:" અભિયાન અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરથી વિવિધ કાર્યક્રમો

# "દેશના દરેક વ્યક્તિનું તંદુરસ્ત આરોગ્ય હશે તો જ સમૃદ્ધ ભારત બનશે" : સાંસદ મનસુખભાઈ વસાવા

## આયુષ્માન ભવ : અભિયાન હેઠળ છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ પહોચે તે હેતુસર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે







આજરોજ રાજભવન ગાંધીનગર ખાતેથી રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુના વરદ હસ્તે આયુષ્માન ભવ: કેમ્પેઈનનું ઈ લોન્ચિંગ સમગ્ર ભારતભરમાં કરવામાં આવ્યું. જે અંતર્ગત ભરૂચ સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં તથા જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરાની ઉપસ્થિતમાં સિવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આયુષ્માન ભવ: અભિયાન હેઠળ છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ પહોચે તે હેતુસર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીના જન્મદિન થી તા. ૧૭.૦૯.૨૩થી તા. ૦૨.૦૧૦.૨૩ મહાત્મા ગાંધી જયંતી સુધી એક પખવાડીયા સુધી કરવામાં આવશે. આ પખવાડિયાને સેવા પખવાડીયા તરીકે ઉજવણી કરવામાં આવશે.

આયુષ્માન ભવ લોન્ચિંગ કાર્યક્રમ અંતર્ગત 'આયુષ્યમાન આપકે દ્વાર' હેઠળ આયુષ્માન કાર્ડનું વિતરણ, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આયુષ્માન મેળા યોજાશે. જિલ્લામાં આરોગ્યના કેમ્પનું આયોજન, અંગદાન અને દેહદાન દ્વારા જન જાગૃતિ કાર્યક્રમ, બ્લડ બેંક થકી રકતદાન કેમ્પ જેવા કાર્યક્રમો યોજવામાં આવશે. આ પ્રસંગે માનનીય સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે,''જો સ્વચ્છતા હશે તો ઘણી બધી બિમારિયો દૂર થઈ જશે. સ્વચ્છતા એ આરોગ્ય સાથે જોડાયેલો એક મહત્વનો મુદ્દો છે. માટે જ દેશના પ્રધાનમંત્રીશ્રી સ્વચ્છતા પર ખૂબ ભાર આપે છે. દેશમાં વધુ પ્રભાવી આરોગ્યના કાર્યક્રમો કરવા માટે આજે દેશના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મૂર્મુએ આયુષ્માન ભવ: કેમ્પેઈનને લોંચ કરી અંતરિયાળ વિસ્તારમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગને આરોગ્યની સુવિધા મળે તે સુનિશ્ચિત કર્યું છે.''

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરાએ આ કેમ્પેઈનનો વધુને વધુ પ્રચાર પ્રસાર થાય અને આ અભિયાનનો લાભ વધુમાં વધુ લોકો લે તે માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમના અંતે ૫ PMJAY કાર્ડનું વિતરણ, ૦૫ સિકકલ સેલ કાર્ડનું વિતરણ, તેમજ નિક્ષય મિત્ર બની ન્યુટ્રીશન કીટના દાતા એવા પેટ્રોનેટ એલ. એન. જી. લિમિટેડ. અને સેવા યજ્ઞ સમિતિના શ્રી રાકેશ ડી. ભટ્ટને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અલ્પાબેન પટેલ, ભરૂચ જાહેર આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી આરતીબેન પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) શ્રી ડૉ. જે. એસ. દુલેરા, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રપતિનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વાગત કર્યું

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇ-વિધાનસભાના લોકાર્પણ વખતે સંબોધન કરવાનું સૌભાગ્ય મળવા બદલ ગૌરવ લાગણી વ્યકત કરી

# રાષ્ટ્રપતિના હસ્તે વર્ચ્યુઅલી 'આયુષ્માન ભવઃ' અભિયાનનો શુભારંભ કરાયો

। ગાંધીનગર, તા.૧૩ ।


ગુજરાતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ઇ-વિધાનસભાની સાથે સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે વર્ચ્યુઅલી 'આયુષ્માન ભવઃ' અભિયાનનો પ્રારંભ થયો અને ગુજરાત વિધાનસભા પેપરલેસ બની છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇ-વિધાસનભાના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતની પ્રગતિની વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને બે વર્ષ પૂર્ણ થવા બદલ શુભેચ્છા પાઠવી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ મજબૂત રીતે આગળ વધી રહ્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇ-વિધાનસભાના લોકાર્પણ વખતે સંબોધનમાં જણાવ્યુ હતુ કે, 'ગુજરાત વિધાનસભાએ અનેક ઉતાર-ચઢાવ જોયા છે. ગુજરાતના ગણતંત્રના મંદિરમાં સંબોધન કરવાનું સૌભાગ્ય મળવા બદલ ગૌરવ લાગણી વ્યકત કરી હતી. ગુજરાતની ધરતી પર આવવું હંમેશા સુખદ અનુભવ રહ્યો છે. ગુજરાતની પ્રગતિની વાત કરતા કહ્યું કે, રાજ્યની પ્રગતિ માટે માનવ સંસાધન મહત્વનું હોય છે અને માનવ સંસાધને ક્ષેત્રે ગુજરાત સરકારે ધ્યાન આપ્યું છે. આથી લોકોની સુખાકારીમાં પણ વધારો થયો છે.' રાજ્ય સરકાર નાગરિકોની જરૂરિયાતો પર ધ્યાન આપે છે. રાજ્યમાં તમામ લોકોને ઘરે જ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. તેમની આ સામાન્ય રોજિંદી જરૂરિયાત માટે દૂર કિલોમીટર સુધી જવું પડતું નથી.

ગુજરાત દેશમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતું રાજ્ય છે. આ સાથે વીજળીના ઉત્પાદનમાં પણ આગળ છે. ઇ-વિધાનસભાના લોકાર્પણ વખતે રાષ્ટ્રપતિએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ૨ વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન આપ્યા અને સીએમ ભૂપેન્દ્રભાઈ સતત સેવા કરે તેવી શુભેચ્છા પણ પાઠવી.

૧૩ સપ્ટેમ્બરે વિધાસભાનું સત્ર શરૂ થયુ છે. આજથી વિધાનસભા પૂર્ણ રીતે પેપરલેસ બની ગઈ છે. ઇ-વિધાનસભામાં રોજ એક કલાકની પ્રશ્નોતરી રહેશે. તમામ કામ ઓનલાઈન થતા ૨૫ ટન કાગળ બચશે. ધારાસભ્યો ટેબલેટનો ઉપયોગ કરી નેવાના માધ્યમથી વિધાનસાભામાં જોડાઈ શકશે. ગૃહમાં ધારાસભ્યોની તમામ બેઠકો પર ટેબલેટ લગાવવામાં આવ્યા છે. હવે પેન અને કાગળનો ઉપયોગ કરવાના બદલે ધારાસભ્યો ટેબલેટ દ્વારા વિધાનસભામાં જોડાશે અને પોતાના પ્રશ્નો કે મુદ્દા રજૂ કરવા માટે ટેબલેટનો ઉપયોગ કરવાનો રહેશે. આ માટે ભાજપ, કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને ટેબલેટના ઉપયોગ કરવા અંગેની તાલીમ પણ આપવામાં આવી છે. તેમ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું.

આજથી ગુજરાતની વિધાનસભા ડિજિટલ હાઉસ બની ગઈ છે. ઇ-વિધાનસભા લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીનું સ્વાગત કરવા કોંગ્રેસ પક્ષના અમિત ચાવડાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેનો તેમણે બે હાથ જોડી ઈનકાર કર્યો હતો અને શૈલેષ પરમારે પણ સ્વાગત કરવાનું ટાળ્યું. તો આપના ચૈતર વસાવાએ પણ સ્વાગતની ના પાડતા ગૃહમાં રાષ્ટ્રપતિની હાજરીમાં ગરીમાપૂર્ણ વિરોધ વ્યકત કર્યો હતો.








## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે NeVA એપ્લિકેશનનું લોન્ચિંગ

ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ગુજરાત વિધાનસભાના ટૂંકા ચોમાસુ સત્રનો પ્રારંભ કરાવી ઈ-વિધાનસભાનું ઉદ્ઘાટન કર્યું છે. આપને જણાવી દઈએ કે, આજથી વિધાનસભાનું ૪ દિવસનું સત્ર શરૂ થયું છે. અગાઉ ત્રણ દિવસનું ચોમાસુ સત્ર મળવાનું હતું. જોકે, છેલ્લા દિવસે કામકાજ સલાહકાર સમિતિની મળેલી બેઠકમાં સત્ર એક દિવસ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાત ઈ-વિધાનસભાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સાથે જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે દ્રીફછ (નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન)નું લૉન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. જે બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભામાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજનો આ દિવસ આપણા બધા માટે ખાસ છે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ભારતના અભિગમને ગુજરાત વિધાનસભાએ વાસ્તવિકરૂપ આપ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતની વિધાનસભા સંપૂર્ણ રીતે ડિજિટલ બનવા જઈ રહી છે. આ શુભ અવસર પર દેશના રાષ્ટ્રપતિ આપણી વચ્ચે ઉપસ્થિત છે, જે આપણા માટે સૌભાગ્યની વાત છે. મહામહિમ રાષ્ટ્રપતિજી ગુજરાતની આ ધરતી અનેક મહાપુરુષોથી ધન્ય રહી છે. દેશની આઝાદીના મહાનાયક મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની આ પવિત્ર ભૂમિમાં ગુજરાતની સાડા ૬ કરોડ જનતા વતી હું તમારું સ્વાગત કરું છું. તેઓએ જણાવ્યું હતું કે, વૈશ્વિક નેતા અને વિકાસની રાજનીતિના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ગુજરાતની ધરાના પુત્ર છે. પીએમ મોદીનું પ્રશાસનિક જીવન પણ આજ ગૃહથી શરૂ થયું હતું. આજે દેશ પીએમ મોદીની લીડરશિપમાં વિશ્વગુરુ બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પીએમ મોદીના વન નેશન, વન એપ્લિકેશનના વિચારથી પ્રેરણા લઈને અમે પણ ગુજરાતની વિધાનસભાને ડિજિટલ વિધાનસભામાં ટ્રાન્સફર કરી છે. ગુજરાત વિધાનસભામાં આજથી નેશનલ ઈ વિધાનસભા એપ્લિકેશન ની શરૂઆત થઈ રહી છે. આ આપણા બધા માટે એક ઐતિહાસિક સમય છે.ઁસ્ના માર્ગદર્શનમાં ગુજરાત અને દેશ આગળ વધી રહ્યો છે. ગુજરાત વિધાનસભામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતની આ પાવન ભૂમિ પર આવવું મારા માટે સુખદ અનુભૂતિ થાય છે. ગણતંત્રના મંદીરમાં સંબોધન કરવું મારા માટે આનંદની વાત છે. મને એ જાણીને આનંદ થયો છે કે ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્યમંત્રી તરીકે આજે બે વર્ષ પૂર્ણ થયા છે. ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતની જનતાની સેવા નીરંતર કરે તેવી હું શુભેચ્છા પાઠવું છું.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતનો હજારો વર્ષોનો ગૌરવશાળી ઈતિહાસ રહ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાતે હંમેશા ભારત અને ભારતવાસીઓના ભવિષ્યની સાથે પોતાના ભવિષ્યને જોયું છે. તેમણે અહીં ગુજરાતના ઉમદા કવિ ઉમાશંકર જોશીની 'હું ગુર્જર ભારતવાસી, ઝંખો પલ પલ સહુજન મંગલ મન મારું ઉલ્લાસી..' પંક્તિનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે, આ કવિતા ગુજરાતની આત્માની પોકાર છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, જ્યારે વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારબાદથી આ વિધાનસભાએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. પરંતુ આ સદને હંમેશા સમાજના હિતમાં કાર્યો કર્યા છે. સમય સમય પર આ વિધાનસભાએ અનેક સરાહનીય પગલા ભર્યા છે. ગુજરાત વિધાનસભાએ ૨ દશકોમાં પર્યાવરણ, શિક્ષા, પશુધન અને સેવાઓ માટે અનેક પગલા લીધા છે.તેઓએ જણાવ્યું હતું કે, આજે ઈ એસેમ્બલીનું ઉદ્‌ઘાટન પણ મહત્વપૂર્ણ પગલું છે. આજે ગુજરાત ઈ વિધાનસભાના ઉદ્ઘાટન પર હું ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું. ગૃહની પ્રક્રિયા પેપરલેસ થવાથી પર્યાવરણ સુરક્ષિત થશે. તેઓએ કહ્યું હતું કે, સ્વાસ્થ્ય, શિક્ષા, વીજળી, પાણી માટે ગુજરાત સરકારે ધ્યાન આપ્યું છે. મહિલા પ્રતિનિધિત્વ વિશે વાત કરતા તેઓએ કહ્યું કે, સદનમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ છે, દરેક ક્ષેત્રમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ છે, રાજનીતિમાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું છે. મહિલાઓને અવસર મળે તો પુરૂષો સાથે ખભે ખભો મિલાવી કામ કરી શકે છે.

### વધુ એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

## વિદેશમાં નોકરી મળશે એ ઈચ્છાએ વ્યક્તિ દીઠ એક લાખ ૪૦ હજાર રૂપિયાની છેતરપિંડી

### ફરિયાદીઓને નોકરી ન મળતા છેતરાયાનો અહેસાસ થતા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી

। અમદાવાદ, તા.૧૩ ।

વિદેશમાં નોકરી મેળવવાની ઘેલછામાં અનેક લોકો છેતરાયા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા હોય છે, તેમ છતાં લોકોની આંખો ખુલી રહી નથી. ત્યારે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદના સાયબર ક્રાઈમ બ્રાંચના મૂળ રાજસ્થાનના ફરિયાદીઓ એક ફરિયાદ આપી હતી કે આજથી છ માસ પહેલા એસડી ટુર્સ અને ટ્રાવેલ્સના નામથી ઓફિસ અમદાવાદના આશ્રમ રોડ ખાતે શરુ કરી હતી. જેમાં મુન્ના ચૌહાણ, મુસ્તક અન્સારી, દિનેશ યાદવ અને વિધ્યા સાગર નામના લોકો સંપર્કમાં આવ્યા હતા, જેમણે વિદેશ એટલે કે કોલોમ્બિયા ખાતે ડ્રાઈવર હેલ્પર તેમજ વર્કર તરીકે નોકરી આપવાનું કહ્યું હતું. ત્યારબાદ ફરિયાદી પાસેથી એક લાખ ચાલીસ હાજર મેળવ્યા હતા અને પાસપોર્ટ લીધો હતો અને સામે આરોપીઓએ કોલોમ્બિયાની ગિલ કંપનીનો કામ કરવાનો એક ઓફર લેટર આપ્યો હતો. આ પ્રકારે આરોપીઓને ગુજરાત સહીતના ૧૨ લોકોએ પોતાને વિદેશમાં નોકરી મળશે એ ઈચ્છાએ વ્યક્તિ દીઠ એક લાખ ૪૦ હજાર રૂપિયા અલગ અલગ રીતે આપ્યા હતા. જેની કુલ કિંમત ૨૨ લાખ ૪૦ હાજર થવા પામી હતી. ફરિયાદીઓને નોકરી ન મળતા છેતરાયાનો અહેસાસ થતા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચને ફરિયાદ મળતા આરોપીઓના મોબાઈલ નંબરના આધારે તપાસ કરતા મુન્ના ચૌહાણ નામનો આરોપી મળી આવ્યો હતો, ત્યારે પોલીસે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ફરિયાદીઓને જે વર્ક કરવા માટે જે કોલમ્બિયાની ગિલ કંપનીનો ઓફર લેટર આપવામાં આવ્યા હતા.

### હાલમાં બંને તરફ રોડ ક્યાંક ૪૫ મીટર તો ક્યાંક ૬૦ મીટર જેટલો પહોળો

## એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સુધીના રોડને ૬૦ મીટરનો કરાશે

### સ્થાનિક લોકો દ્વારા આ રોડલાઈનને લઈ ૩૦૦ જેટલી વાંધાઅરજી રજૂ કરવામાં આવી હતી, જેનો મ્યુનિસિપલ

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદનો સૌથી ફૈં રોડ ગણાતો એવો એરપોર્ટ સર્કલથી લઈ ઈન્દિરાબ્રિજ સર્કલ સુધીનો રોડ હવે આઈકોનિક રોડ બનાવવામાં આવશે. રોડને ડેવલપ કરવા માટેની પ્રાથમિક કામગીરીના ભાગરૂપે હયાત રોડને પહોળો કરવા માટેની દરખાસ્ત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાવવામાં આવી છે. હાલમાં બંને તરફ રોડ ક્યાંક ૪૫ મીટર તો ક્યાંક ૬૦ મીટર જેટલો પહોળો છે, જેથી એક જ રોડલાઈન કરીને બંને તરફ ૬૦ મીટરનો રોડ કરવા માટેની દરખાસ્ત આવતીકાલે ગુરુવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી છે. રોડલાઈન મંજૂર થતાંની સાથે જ આશરે એરપોર્ટ રોડ પર આવેલી ૩૦૦ જેટલી દુકાન- મકાનોને અસર થશે. સ્થાનિક લોકો દ્વારા આ રોડલાઈનને લઈ ૩૦૦ જેટલી વાંધાઅરજી રજૂ કરવામાં આવી હતી, જેનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જવાબ રજૂ કરવામાં આવ્યો હતો.

રાજ્યનું સૌથી મોટું શહેર ગણાતું એવું અમદાવાદ અને ગાંધીનગર ટ્વિન્સ સિટી ગણવામાં આવે છે, ત્યારે અમદાવાદ એરપોર્ટથી લઈ ગાંધીનગર સુધીના રોડ અને ડેવલપમેન્ટ કરવા અંગેની પ્રક્રિયા ચાલી રહી છે, જેના ભાગરૂપે એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સુધીનો રોડ આઈકોનિક રોડ બનાવવા અંગેનો નિર્ણય લેવાયો છે. એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સુધીના હયાત રોડને હવે ૬૦ મીટરનો રોડ કરવા માટે થઈને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા અખબારોમાં જાહેર નોટિસ આપીને વાંધાસૂચન માગવામાં આવ્યાં હતાં.

## નવા વાહનોમાં TC નંબર સિસ્ટમ દૂર કરવામાં આવી

। અમદાવાદ, તા.૧૩ ।

હવેથી નંબર પ્લેટ આવ્યા બાદ જ મળશે ખરીદેલુ વાહન તમને મળી શકશે. નવા વાહનોમાં TC નંબર સિસ્ટમ દૂર કરવામાં આવી છે. RTO પાસેથી કામ લઈને ડીલરોને સોંપાતા નિયમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. પહેલા વાહન ખરીદી ટીસી નંબર આપી વાહન આપી દેવાતા હતા. હવે વાહન રજિસ્ટ્રેશન થયા બાદ અને તમામ ટેક્સ ભર્યા બાદ સીધો નવો નંબર આપીને જ નંબર સાથે વાહન આપવામાં આવશે.

હવેથી નવા નંબર કાઢવાની અને નંબર પ્લેટ લગાવવાની કામગીરી પણ ડિલરે જ કરવાની રહેશે. આવતીકાલથી આ નવી પદ્ધતિ લાગુ થશે. ૧૩ સપ્ટેમ્બર સુધીના તમામ ડેટા ડિલરોએ RTOને આપવા સૂચન કરવામાં આવ્યુ છે. ૧૪ સપ્ટેમ્બરથી નવી પદ્ધતિ પ્રમાણે ડિલરો જ કામ કરી નંબર પ્લેટ સાથે નવા વાહન લોકોને આપી શકશે. તમામ વાહનોના રજિસ્ટ્રેશનથી લઈને નંબરની ફાળવણી સુધીની પ્રક્રિયા શો-રૂમમાંથી કરવામાં આવશે, જેથી ફી અને ટેક્સ ભર્યા બાદ તરત જ વાહનમાં નંબર પ્લેટ પણ લાગી જશે. પહેલાં આરટીઓમાંથી નંબરની ફાળવણી થતી હતી, જે હવે ડીલર્સ કક્ષાએથી જ ફાળવવામાં આવશે, જેથી નંબર ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનશે તેમજ વાહનમાલિકોને આરટીઓ કચેરી આવવામાંથી મુક્તિ મળશે.

ડીલર કક્ષાએથી નંબર ફાળવણી થયા બાદ આરટીઓમાંથી દસ્તાવેજોની ચકાસણી અને કાયદા મુજબ ફી અને ટેક્સ ભર્યો છે કે નહીં એની ચકાસણી કરવામાં આવશે. જોકે બીજી તરફ વાહનોના ડિલરોએ નવી પદ્ધતિનો વિરોધ કર્યો છે. થોડા દિવસ અગાઉ જ ડિલર એસોશિએશન દ્વારા આ નિયમના વિરોધમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે. ત્યારે હવે નવી જાહેરાત અને આવતી કાલથી લાગુ થનારા નવા નિયમથી ડિલરો અળગા રહી શકે છે. ડીલર એસોસિએશન દ્વારા આગામી સમયમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરાશે. નવા નિયમ પ્રમાણે, શોરૂમમાંથી વાહન ખરીદતા ત્યાં જ નંબર પ્લેટ લગાવી આપવામાં આવશે. નંબર પ્લેટ લાગ્યા વગર શોરૂમમાંથી વાહન નીકળી શકશે નહીં અને જો નંબર પ્લેટ લાગ્યા વગરના વાહનો બહાર ફરતા જોવા મળશે તો ડીલર પર કાર્યવાહી થશે તેવી તાકીદ પણ કરવામાં આવી છે.

## ટ્રેલરે પાર્ક કરેલી બસને પાછળથી ટક્કર મારતા ૧૧નાં મોત

। ભાવનગર, તા.૧૩ ।

આગરા જયપુર નેશનલ હાઈવે પર એક ભયાનક અકસ્માત સર્જાયો છે. ટ્રેલરે પાર્ક કરેલી બસને પાછળથી ટક્કર મારતા ૧૧ લોકોના મોત નીપજ્યા છે. આ સાથે ઘણાં લોકો ગંભીર રીતે ઘાયલ છે. આ બસ ભાવનગરથી મથુરા જતી હતી. આ બસ બગડી ગઈ હતી જેથી તેને રિપેર કરવા માટે રસ્તાની એક બાજુ ઉભી રાખવામાં આવી હતી. તે દરમિયાન જ ટ્રેલરે બસને ટક્કર મારીને ૨૦થી ૨૫ ફૂટ ઘસેડી હતી. આ ગમખ્વાર અકસ્માતની જાણ થતાની સાથે જ પોલીસના અધિકારીઓ ત્યાં આવી પહોંચ્યા હતા. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, આ ગોઝારો અકસ્માત લખનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના હંત્રા ગામ પાસે થયો છે. ઈજાગ્રસ્તોને હાલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા જ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મળતી માહિતી પ્રમાણે, આ બસમાં તમામ મુસાફરો ભાવનગરના હતા. આ લોકો મથુરા દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન જયપુર નેશનલ હાઈવે પર બસની ડિઝલ પાઈપ ફાટી ગઈ હતી. જેના કારણે બસ ખરાબ થઈ ગઈ હતી અને રસ્તામાં જ રોકીને રિપેર કરાવવામાં આવી હતી. આ દરમિયન પૂરપાટ આવતા ટ્રેલરે બસને ધડાકાભેર અથાડી હતી. ટ્રેલરે બસને અથાડીને ૨૦થી ૨૫ ફૂટ જેટલી ઘસેડી હતી. જેમાં બસની પાછળ ઉભેલા લોકો અને બસની પાછળની સીટ પર બેઠેલા મુસાફરોનાં ૧૧ લોકોના મોત થયા છે અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨